CC0. In Public Domain, Digitizagtion by eGangotri

५.२

श्री राधिका सहस्र-नाम स्तोत्रम्

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitization by eGangotri

राधिका सहस्रनाम स्तोत्रम्

શ્રી મણિબા પરિવાર, અમદાવાદ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitizagtion by eGangotri

॥ श्री: ॥

श्रीराधिका-सहस्त्रनामस्तोत्रम्

[મૂલ સંસ્કૃત પદ્ય અને ગુજરાતી અનુવાદ સહિત
તથા શ્રી રાધાકવચ અનુવાદ સહિત]

—અનુવાદક—
ડૉ. લક્ષ્મેશ વી. જોષી
રીડર, સંસ્કૃત વિભાગ ભાષા-સાહિત્ય ભવન,
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯.

—પ્રકાશક—
શ્રી મણિબા પરિવાર
ડી. વી. પટેલનો બંગલો, માદલપુરા,
વાડીલાલ હોસ્પિટલ સામે, એલિસબ્રીજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitizagtion by eGangotri

* **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :**
મણિબા પરિવાર
ડી. વી. પટેલના બંગલો, માદલપુરા
વાડીલાલ હોસ્પિટલ સામે,
એલિસબ્રીજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.

© શ્રી મણિબા પરિવાર

* **પ્રકાશન :**
પ્રથમ આવૃત્તિ ૧૯૮૯

* **પ્રત : ૫૦૦**

* **મુદ્રણ વ્યવસ્થા**
શ્રી રશ્મિકાન્તભાઈ જે. શાહ

* **મુદ્રક :**
મધુસૂદન નાથાલાલ પરી
૨૩, સૌમિત્રનગર સોસાયટી
નવાવાડજ, અમદાવાદ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અસ્મદ્‌-વચ:

પૂ. મણિબાને એવી ઇચ્છા થઈ કે પરિવારના સભ્યો જેમ 'શ્રીવિષ્ણુસહસ્રનામ'નો પાઠ કરે છે તેમ 'શ્રીરાધાસહસ્રનામ'નો પણ પાઠ કરતા થાય. આ માટે પૂ. મણિબાએ, 'શ્રીરાધાસહસ્રનામ'ના પ્રમાણભૂત મૂલગ્રંથ 'નારદપંચરાત્ર'ને જોઈ જવાનો આગ્રહ રાખ્યો. ગુજરાત યુનિવર્સિટીના ગ્રંથાલયમાંથી આ ગ્રંથ મેળવીને પૂ. બા, એ મૂલ ગ્રંથમાં આપેલાં 'શ્રીરાધાસહસ્રનામ' જોઈ ગયાં. આમ, શ્રીરાધાસહસ્રનામના શાસ્ત્રીય મૂલનું સંશોધન કર્યા પછી પૂ. બાએ આ ગ્રંથનો, મૂલ પદ્યો સાથે, ગુજરાતી અનુવાદ પ્રકાશિત કરવાનો સંકલ્પ કર્યો.

વળી, 'શ્રીરાધાકવચ' પણ મૂલ પદ્ય અને અનુવાદ સહિત 'શ્રીરાધાસહસ્રનામ' સાથે જ પ્રકાશિત થાય એવી પૂ. બાની ઇચ્છા હતી.

પૂ. બાનો આ શિવસંકલ્પ, શ્રીરાધાજીના અનુગ્રહથી આજે ફલીભૂત થાય છે.

શ્રી મણિબા પરિવારના સભ્યો અને અન્ય રાધાનુરાગીજનો, શ્રીરાધાસહસ્રનામનો પાઠ કરીને, પરમ આનંદને આપનારાં શ્રી રાધાજીની કૃપાને પાત્ર બનશે એવી, શ્રી રાધાચરણમાં પ્રાર્થના.

આ પુસ્તકનું સુંદર મુદ્રણ સમયસર કરી આપવા બદલ રાધાવલ્લભ પ્રેસના માલિક શ્રી મધુસૂદન પરીખના અમે આભારી છીએ. શ્રી રશ્મિકાન્તભાઈ જે. શાહ [સી. જમનાદાસની કંપની] પોતાના કાર્યમાં અત્યંત વ્યસ્ત હોવા છતાં આ પુસ્તકની મુદ્રણવ્યવસ્થા, ખૂબ ભાવપૂર્વક ઉપાડી લેવા બદલ અમે તેમના ઋણી છીએ.

—શ્રી મણિબા પરિવાર વતી
લક્ષ્મેશ વી. જોષી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અનુક્રમણિકા

ક્રમ

૧. અથ રાધાકવચમ્ ૧-૭

૨. શ્રી રાધિકા-સહસ્રનામ-સ્તોત્રમ્ ૮-૪

૩. શ્રી રાધાચાલીસા ૪૨-૪

*

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

॥ श्री राधिकायै नमः ॥

અથ શ્રીરાધાકવચમ્

શ્રીપાર્વતી ઉવાચ—

કૈલાશવાસિન્ ભગવન્, ભક્તાનુગ્રહકારક।
રાધિકાકવચં પુણ્યં, કથયસ્વ મમ પ્રભો ॥ ૧ ॥
યદ્-યસ્તિ કરુણા નાથ, ત્રાહિ મામ્ દુઃખતો ભયાત્।
ત્વમેવ શરણં નાથ, શૂલપાણે પિનાકધૃક્ ॥ ૨ ॥

અનુવાદ : શ્રી પાર્વતીએ કહ્યું -

હે કૈલાશમાં વાસ કરનારા ભગવાન શિવ, હે ભક્તો ઉપર અનુગ્રહ કરનારા, હે પ્રભુ, તમે મને પવિત્ર રાધિકા–કવચ કહો. (૧)

હે નાથ, જો તમને મારા ઉપર દયા આવતી હોય તો, દુઃખ અને ભયમાંથી મને બચાવો. હે હાથમાં ત્રિશૂલ ધારણ કરનારા મહાદેવ, હે પિનાક નામના ધનુષ્યને ધારણ કરનારા શંભુ, હે નાથ, તમે જ મારું શરણ છો. (૨)

શ્રી શિવ ઉવાચ—

શૃણુષ્વ ગિરિજે તુભ્યં, કવચં પૂર્વસૂચિતમ્।
સર્વરક્ષાકરં પુણ્યમ્, સર્વહત્યાહરં પરમ્ ॥ ૩ ॥
હરિભક્તિ-પ્રદં સાક્ષાત્, ભુક્તિ-મુક્તિ-પ્રસાધનમ્।
ત્રૈલોક્યાકર્ષણં દેવિ, હરિસાન્નિધ્યકારકમ્ ॥ ૪ ॥

અનુવાદ : શ્રી શિવજી બોલ્યા–હે પર્વત (હિમગિરિ)ને ત્યાં જન્મ લેનારી પાર્વતી, તું સાંભળ. પૂર્વે (પ્રથમ શ્લોકમાં) સૂચવેલું જે કવચ હું તને સંભળાવું છું તે કવચ, સર્વની રક્ષા કરનારું, પવિત્ર, સર્વ હત્યાઓના પાપને હરી લેનારું અને શ્રેષ્ઠ છે. તે કવચ, હરિની ભક્તિ આપનારું છે; ભોગ અને મોક્ષ એ બન્ને માટેનું સાક્ષાત્ શ્રેષ્ઠ સાધન છે. હે દેવી, આ કવચ ત્રણે ય લોકને માટે આકર્ષણરૂપ અને હરિની સમીપ લઈ જનારું છે. (૩–૪)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitization by eGangotri

સર્વત્ર જયદં દેવિ, સર્વ-શત્રુ-ભયાવહમ્ ।
સર્વેષાં ચૈવ ભૂતાનમ્, મનોવૃત્તિહરં પરમ્ ॥ ૫ ॥
ચતુર્ધા મુક્તિ-જનકં, સદાનન્દ-કરં પરમ્ ।
રાજસૂયાશ્વમેધાનામ્, યજ્ઞાનાં ફલ-દાયકમ્ ॥ ૬ ॥

અનુવાદ : હે દેવી, બધે વિજય આપનારું અને સર્વ શત્રુઓને માટે ભય લાવનારું આ કવચ છે. બધાં પ્રાણીઓના મનની વૃત્તિને હરી લેનારું આ કવચ છે. **સાલોક્ય** (શ્રી રાધિકાજીની સાથે સમાન લોકમાં રહેવાનું), **સારૂપ્ય** (ઇષ્ટના જેવું રૂપ પ્રાપ્ત થવું), **સામીપ્ય** (ઇષ્ટની સમીપ રહેવાનું અને **સાયુજ્ય** (ઇષ્ટના દિવ્ય દેહની સાથે જોડાઈ જવું)–એમ ચાર પ્રકારની મુક્તિને ઉત્પન્ન કરનારું, આ કવચ છે. આ શ્રેષ્ઠ કવચ, સદા આનંદ આપનારું, રાજસૂય અને અશ્વમેધ યજ્ઞોના ફલને આપનારું છે. (૫–૬)

ઇદં કવચમ્ અજ્ઞાત્વા, રાધા-મન્ત્રં ચ યો જપેત્ ।
સ નાપ્નોતિ ફલં તસ્ય, વિઘ્નસ્ તસ્ય પદે પદે ॥ ૭ ॥
ઋષિરસ્ય મહાદેવો, ઽનુષ્ટુપ્ છન્દશ્ચ કીર્તિતમ્ ।
રાધાઽસ્ય દેવતા પ્રોક્તા, રાં બીજં, કીલકં સ્મૃતમ્ ॥ ૮ ॥

અનુવાદ : આ કવચને જાણ્યા વગર, રાધા–મંત્રનો–રાધાસહસ્ર નામનો જે જપ કરે, તેને તેનું ફલ મળતું નથી. તેને ડગલે ડગલે વિઘ્ન આવે છે. આ કવચના ઋષિ મહાદેવજી છે અને આ સૂક્તનો છંદ અનુષ્ટુપ્ (૪ ચરણ અને દરેક ચરણમાં ૮ અક્ષર) કહેવાયો છે. આ સૂક્તના દેવતા શ્રીરાધા કહેવાયાં છે, 'રાં' એ બીજ છે અને 'રાં' એ જ કીલક (ખીલો) કહેવાય છે. (૭–૮)

ધર્માર્થકામમોક્ષેષુ, વિનિયોગઃ પ્રકીર્તિતઃ ।
શ્રી રાધા મે શિરઃ પાતુ, લલાટં રાધિકા તથા ॥ ૯ ॥
શ્રીમતી નેત્રયુગલં, કર્ણૌ ગોપેન્દ્ર-નન્દિની ।
હરિપ્રિયા નાસિકાં ચ, ભ્રૂયુગં શશિશોભના ॥ ૧૦ ॥

અનુવાદ : આ કવચનો વિનિયોગ (ઉપયોગ), ધર્મ, અર્થ, કામ અને મોક્ષમાં કહેવાયો છે. શ્રીરાધા મારા મસ્તકને રક્ષો; તથા રાધિકા લલાટને રક્ષો. શ્રીમતી, બે નેત્રને રક્ષો, ગોવાળોમાં શ્રેષ્ઠ વૃષભાનુની પુત્રી મારા કાનને રક્ષો. હરિને પ્રિય રાધિકાજી મારી નાસિકાને રક્ષો. ચંદ્ર જેવી શોભાવાળી રાધિકા મારી, બે ભમ્મરનું રક્ષણ કરો. (૯–૧૦)

ઓષ્ઠં પાતુ કૃપા દેવી, અધરં ગોપિકા તથા ।
વૃષભાનુસુતા દન્તાન્, ચિબુકં ગોપનન્દિની ॥ ૧૧ ॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ચન્દ્રાવલી પાતુ ગણ્ડમ્, જિહ્વાં કૃષ્ણપ્રિયા તથા ।
કણ્ઠં પાતુ હરિ-પ્રાણા, હૃદયં વિજયા તથા ॥ ૧૨ ॥

અનુવાદ : કૃપા દેવી હોઠને રક્ષો. તેમ જ ગોપિકા નીચેના હોઠને રક્ષો. વૃષભાનુની પુત્રી ગાલને રક્ષો. તેમ જ, કૃષ્ણપ્રિયા જીભને રક્ષો. હરિના પ્રાણરૂપ રાધિકાજી કંઠને રક્ષો. તેમ જ વિજયા હૃદયને રક્ષો. (૧૧-૧૨)

બાહૂ દ્વૌ ચન્દ્રવદના, ઉદરં શ્રીદામ્નઃ સ્વસા ।
કટિં યોગાન્વિતા પાતુ પાદૌ સૌભદ્રિકા તથા ॥ ૧૩ ॥
નખાન્ ચન્દ્રમુખી પાતુ, ગુલ્ફૌ ગોપાલ-વલ્લભા ।
જાનુદેશં જયા પાતુ, ગોપી પાદતલં તથા ॥ ૧૪ ॥

અનુવાદ : ચંદ્ર જેવા મુખવાળી ગોપી બે મારા બાહુઓને રક્ષો. શ્રી દામાની બહેન મારા ઉદરને (પેટને) રક્ષો. યોગ-શક્તિથી યુક્ત દેવી, કટિને રક્ષો. તેમ જ સૌભદ્રિકા મારા પગને રક્ષો.

ચંદ્રમુખી નખને રક્ષો. ગોપાલ-પ્રિયા મારી બે ઘૂંટીને રક્ષો. જયા મારા ઘૂંટણ પ્રદેશને રક્ષો. તેમ જ ગોપી મારા પગના તળિયાનું રક્ષણ કરો. (૧૩-૧૪)

શુભ-પ્રદા પાતુ પૃષ્ઠં, કક્ષૌ શ્રીકાન્તવલ્લભા ।
જાનુ-દેશં જયા પાતુ, હરિણી પાતુ સર્વતઃ ॥ ૧૫ ॥
વાક્યં વાણી સદા પાતુ, ધનાગારં ધનેશ્વરી ।
પૂર્વાં દિશં કૃષ્ણરતા, કૃષ્ણપ્રાણા ચ પશ્ચિમામ્ ॥ ૧૬ ॥

અનુવાદ : શુભને આપનારી પૃષ્ઠ (=પીઠ) ને રક્ષો. શ્રીકાન્ત (=કૃષ્ણ)ની પ્રિયા મારાં બે પડખાંનું રક્ષણ કરો. જયા ઘૂંટણપ્રદેશને રક્ષો. હરિણી સર્વ તરફથી મારું રક્ષણ કરો.

વાણી (સરસ્વતી) સદા મારા વાક્યને રક્ષો. ધન ઉપર શાસન કરનારી, અમારા ધનભંડારને રક્ષો. કૃષ્ણમાં રમણ કરતી, પૂર્વ દિશાને રક્ષો. કૃષ્ણના પ્રાણસમી, પશ્ચિમ દિશાનું રક્ષણ કરો. (૧૫-૧૬)

ઉત્તરાં હરિતા પાતુ, દક્ષિણાં વૃષભાનુજા ।
ચન્દ્રાવલી નિશામેવ, દિવા ક્ષ્વેડિત-મેખલા ॥ ૧૭ ॥
સૌભાગ્યદા મધ્યદિને, સાયાહ્ને કામરૂપિણી ।
રૌદ્રી પ્રાતઃ પાતુ માં હિ, ગોપિની રજનીક્ષયે ॥ ૧૮ ॥

અનુવાદ : હરિતા ઉત્તર દિશાને રક્ષો. વૃષભાનુને ત્યાં જન્મેલી, દક્ષિણ દિશાને રક્ષો. ચંદ્રાવલી રાત્રિએ જ રક્ષો. આમતેમ હાલતી કટિમેખલાવાળી,

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દિવસે રક્ષણ કરો. સૌભાગ્યને આપનારી, બપોરે રક્ષો. કામ (=ઇચ્છા) પ્રમાણે રૂપ ધારણ કરનારી સાંજે રક્ષણ કરો. રુદ્રની શક્તિ રૌદ્રી સવારે મને રક્ષો. ગોપિની રાત્રિ પૂરી થાય ત્યારે મારું રક્ષણ કરો. (૧૭-૧૮)

હેતુદા સંગમે પાતુ, કેતુમાલા દિવાર્ધકે ।
શેષાઽપરાહ્ણ-સમયે, શમિતા સર્વસંધિષુ ॥ ૧૯ ॥
યોગિની ભોગ-સમયે રતૌ રતિ-પ્રદા સદા ।
કામેશી કૌતુકી નિત્યં, યોગે રત્નાવલી મમ ॥ ૨૦ ॥

અનુવાદ : રાત્રિ-દિવસના સંગમમાં, હેતુદા મને રક્ષો. દિવસની વૃદ્ધિ થાય ત્યારે, કેતુમાલા મને રક્ષો. બપોર પછીના સમયે, શેષા રક્ષણ કરો. શમિતા, બધા સંધિ-સમયમાં રક્ષણ કરો.

ભોગના સમયે, યોગિની રક્ષણ કરો. રતિપ્રદા રતિ (=રમણ)ના સમયે સદા રક્ષણ કરો. કામેશી અને કૌતુકી નિત્ય મારું રક્ષણ કરો. યોગમાં રત્નાવલી મારું રક્ષણ કરો. (૧૯-૨૦)

સર્વત્ર સર્વકાર્યેષુ, રાધિકા કૃષ્ણમાનસા ।
ઇત્યેતત્ કથિતં દેવિ, કવચં પરમાદ્ભુતમ્ ॥ ૨૧ ॥
સર્વ-રક્ષા-કરં નામ, મહારક્ષા-કરં પરમ્ ।
પ્રાતર્મધ્યાહ્ન-સમયે, સાયાહ્ને પ્રપઠેદ્ યદિ ॥ ૨૨ ॥
સર્વાર્થસિદ્ધિસ્ તસ્ય, સ્યાદ્ યદ્ યન્ મનસિ વર્તતે ।
રાજદ્વારે સભાયાં ચ, સંગ્રામે શત્રુસંકટે ॥ ૨૩ ॥

અનુવાદ : કૃષ્ણમાં જ જેનું મન છે તેવી રાધિકા બધે સ્થળે, સર્વકાર્યોમાં મારી રક્ષા કરો. હે દેવી પાર્વતી, અત્યંત અદ્ભુત આ કવચ મેં (મહાદેવે) આ પ્રમાણે કહ્યું. આ કવચ, "સર્વ-રક્ષા-કર" નામે જાણીતું છે; તે મહા રક્ષા કરનારું શ્રેષ્ઠ કવચ છે. સવારે, બપોરના સમયે કે સાંજે, જો કોઈ આ કવચનો બરાબર પાઠ કરે તો, મનમાં જે જે કામના હોય તે સર્વ કામનાઓની સિદ્ધિ થાય છે. રાજદ્વારે, સભામાં, યુદ્ધમાં અને શત્રુ દ્વારા થતા સંકટમાં તેને (વિજયની) સિદ્ધિ થાય છે. (૨૧-૨૨-૨૩)

પ્રાણાર્થ-નાશ સમયે, યઃ પઠેત્ પ્રયતો નરઃ ।
તસ્ય સિદ્ધિર્ ભવેદ્ દેવિ, ન ભયં વિદ્યતે ક્વચિત્ ॥ ૨૪ ॥

અનુવાદ : પ્રાણ અને ધન વગેરેના નાશના સમયે, પવિત્ર બનીને— સંયમિત બનીને, જે મનુષ્ય પાઠ કરે તેને, હે દેવી, સિદ્ધિ થાય. ક્યાંય તેને ભય લાગતો નથી. (૨૪)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આરાધિતા રાધિકા ચ, તેન સત્યં ન સંશય: ।
ગંગાસ્નાનાદ્ હરેર્નામ, ગ્રહણાદ્ યત્ ફલં લભેત્ ॥ ૨૫ ॥
તત્ ફલં તસ્ય ભવતિ, ય: પઠેત્ પ્રયત: શુચિ: ।
હરિદ્રા-રોચના-ચન્દ્રા, મણ્ડિત: હરિચન્દનમ્ ॥ ૨૬ ॥
કૃત્વા લિખિત્વા ભૂર્જે વા, ધારયેત્ મસ્તકે ભુજે ।
કણ્ઠે વા દેવદેવેશિ, સ હરિર્ નાત્ર સંશય: ॥ ૨૭ ॥

અનુવાદ : જે મનુષ્ય સંયમિત બનીને પવિત્ર થઈને, આ કવચનો પાઠ કરે તેણે જ રાધિકાજીને આરાધ્યાં છે—પ્રસન્ન કર્યાં છે; તે સત્ય છે. આમાં કોઈ શંકા નથી. ગંગા-સ્નાનથી અને હરિનું નામ લેવાથી જે ફલ, મનુષ્ય મેળવે, તે ફલ, કવચનો પાઠ કરનારને મળે.

હળદર, ગોરોચન અને ચંદન (?) થી સુશોભિત બનીને, હરિચંદન કરીને, ભોજપત્ર ઉપર આ કવચ લખીને, મસ્તક ઉપર કે ભુજા ઉપર કે કંઠમાં જે મનુષ્ય ધારણ કરે, હે દેવોના દેવ પર શાસન કરનારી પાર્વતી, તે હરિ છે. આમાં કોઈ સંશય નથી. (૨૫-૨૬-૨૭)

કવચસ્ય પ્રસાદેન, બ્રહ્મા સૃષ્ટિં સ્થિતિં હરિ: ।
સંહારં ચાહં નિયતં, કરોમિ કુરુતે તથા ॥ ૨૮ ॥
વૈષ્ણવાય વિશુદ્ધાય, વિરાગ-ગુણશાલિને ।
દદ્યાત્ કવચમ્ અવ્યગ્રમ્, અનન્યમ્ ધર્મમાપ્નુયાત્ ॥ ૨૯ ॥

॥ ઇતિ શ્રીરાધાકવચમ્ ।

અનુવાદ : આ કવચની કૃપાથી, બ્રહ્મા સૃષ્ટિ રચે છે, હરિ (સ્થતિ=) પોષણ કરે છે; અને હું (શંકર) ચોક્કસ રીતે સંહાર કરું છું.

જે મનુષ્ય, એકાગ્ર બનીને, આ કવચ, વૈષ્ણવને વિશુદ્ધ જિજ્ઞાસુને, વૈરાગ્યના ગુણથી શોભતા સાધકને આપે—સંભળાવે; તે મનુષ્ય, બીજા સાથે સરખાવી ન શકાય તેવા ધર્મને કે પુણ્યને પ્રાપ્ત કરે છે. (૨૮-૨૯)

આમ શ્રીરાધાકવચમ્ સમાપ્ત થયું.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

॥ श्रीहरिः ॥

श्रीश्री राधिका-सहस्रनाम-स्तोत्रम्

श्रीश्री राधिकायै नमः

श्री पार्वती उवाच—

देवदेव जगन्नाथ, भक्तानुग्रहकारक ।
यद्यस्ति मयि कारुण्यं, यद्यस्ति मयि ते दया ॥ १ ॥

શ્રી પાર્વતી બોલ્યાં—હે દેવોના દેવ, જગતના નાથ, હે ભક્તો ઉપર અનુગ્રહ કરનારા મહાદેવ, જો તમને મારા વિષે કરુણા હોય, જો તમને મારા પ્રત્યે દયા હોય તો—(મને રાધાજીનાં સહસ્ર નામ કહો.) (૧)

यद्यत् त्वया निगदितं, तत् सर्वं श्रुतं प्रभो ।
गुह्याद् गुह्यतरं यत् तु, यत् ते मनसि काशते ॥ २ ॥

હે પ્રભુ, તમે જે જે કહ્યું તે સર્વ મેં સાંભળ્યું. ગુપ્તથી પણ વધારે ગુપ્ત જે હોય, અને તમારા મનમાં પ્રકાશતું હોય. — (૨)

त्वया न गदितं यत् तु, यस्मै कस्मै कदाचन ।
तस्मात् कथय देवेश, सहस्रं नाम चोत्तमम् ॥ ३ ॥
श्रीराधाया महादेव्या, गोप्या भक्तिप्रसाधनम् ।
ब्रह्माण्डकर्त्री हर्त्री सा, कथं गोपीत्वमागता ॥ ४ ॥

જે કોઈને પણ (આજ સુધી) કદાપિ તમે જે (રાધાસહસ્ર-નામ) ન કહ્યું હોય, તે ઉત્તમ રાધાસહસ્ર-નામ, હે દેવોના ઈશ્વર, તેથી મને કહો. (૩)

મહાદેવી ગોપી શ્રીરાધાનાં સહસ્ર નામ, ભક્તિ માટે શ્રેષ્ઠ સાધનરૂપ છે. બ્રહ્માંડને કરનારાં અને હરનારાં તે રાધાજી ગોપીભાવને કેવી રીતે પામ્યાં? (૪)

श्री महादेव उवाच—

शृणु देवि विचित्रार्थां, कथां पापहरां शुभाम् ।
नास्ति जन्मानि कर्माणि, तस्या नूनं महेश्वरि ॥ ५ ॥

હે દેવી પાર્વતી, પાપને હરનારી શુભ કથા તમે સાંભળો. હે મહા શાસન કરનારી શક્તિ (=મહેશ્વરી) પાર્વતી, તે રાધાજીનાં (સાચી રીતે જોતાં) નથી તો જન્મ, કે નથી કર્મ. (૫)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

यदा हरिश् चरित्राणि, कुरुते कार्यगौरवात् ।
तदा विधत्ते रूपाणि, हरिसान्निध्यसाधिनी ॥ ६ ॥

જ્યારે (દિવ્ય) કાર્યને ગૌરવ આપવાના હેતુથી હરિ લીલાચરિત્રો કરે છે; ત્યારે, હરિનું સાન્નિધ્ય (સમીપપણું) મેળવનારી રાધિકાજી (પણ જુદાં જુદાં) રૂપો ધારણ કરે છે. (૬)

तस्या गोपीत्वभावस्य, कारणं गदितं पुरा ।
इदानीं शृणु देवेशि, नाम्नां चैव सहस्रकम् ॥ ७ ॥

તે રાધાજી ગોપીત્વ ભાવને કેવી રીતે પામ્યાં તેનું કારણ મેં પહેલાં (નારદ-પંચરાત્રમાં) કહ્યું છે. હવે, હે દેવો ઉપર શાસન કરનારાં પાર્વતી, તમે, રાધાજીનાં હજાર નામ સાંભળો. (૭)

यन् मया कथितं नैव, तन्त्रेष्वपि कदाचन ।
तव स्नेहात् प्रवक्ष्यामि, भक्त्या धार्यं मुमुक्षुभिः ॥ ८ ॥

તંત્ર-શાસ્ત્રોમાં પણ મેં જે (રાધા-સહસ્રનામ) કદાપિ કહેલ નથી, તે સહસ્રનામ, તારા ઉપર મને સ્નેહ હોવાથી હું તને કહીશ; કે જે રાધા-સહસ્રનામને મોક્ષની ઇચ્છાવાળા જનોએ, ભક્તિથી ધારણ કરવાં જોઈએ. (૮)

मम प्राणसमा विद्या, भाव्यते मे त्वहर्निशम् ।
शृणुष्व गिरिजे नित्यं, पठस्व च यथामति ॥ ९ ॥

રાધા-સહસ્રનામની વિદ્યા, મારી (મહાદેવની) પ્રાણસમાન (પ્રિય) વિદ્યા છે. એ વિદ્યાની તો રાત-દિવસ મારા વડે ભાવના થતી રહે છે. હે ગિરિ હિમાલયને ત્યાં જન્મેલાં પાર્વતી, તમે આ સહસ્રનામ નિત્ય સાંભળો અને મતિ પ્રમાણે તે સહસ્રનામ વાંચો. (૯)

यस्याः प्रसादात् कृष्णस्तु, गोलोकेशः परः प्रभुः
अस्या नाम्नसहस्रस्य, ऋषिर् नारद एव च ।
देवी राधा परा प्रोक्ता, चतुर्वर्गप्रसाधिनी ॥ १० ॥

જે રાધિકાના પ્રસાદથી (=કૃપાથી) શ્રીકૃષ્ણ ગોલોકના ઈશ્વર અને શ્રેષ્ઠ શાસક (પ્રભુ) બની શક્યા છે; તે આ રાધિકાના સહસ્ર-નામના ઋષિ, નારદજી છે. આ સહસ્રનામની દેવતા કે દેવી, શ્રેષ્ઠ એવાં રાધાજી કહેવાયાં છે. શ્રીરાધિકાજી, ધર્મ, અર્થ, કામ અને મોક્ષ—એ ચારે ય પુરુષાર્થોના વર્ગ (=સમૂહ)ને ઉત્તમ રીતે સાધી આપનારાં છે. (૧૦)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitization by eGangotri

अथ सहस्रनामस्तोत्रम्

श्रीराधा राधिका कृष्ण-वल्लभा कृष्णसंयुक्ता ।
वृन्दावनेश्वरी कृष्ण-प्रिया मदनमोहिनी ॥ ११ ॥

શ્રી રાધા, રાધિકા, કૃષ્ણને વહાલાં, કૃષ્ણની સાથે સારી રીતે જોડાયેલાં, વૃન્દાવનની ઈશ્વરી, કૃષ્ણ-પ્રિય, કામદેવને મોહ પમાડનારી. (૧૧)

श्रीमती कृष्णकान्ता च, कृष्णानन्दप्रदायिनी ।
यशस्विनी यशोगम्या, यशोदानन्दवल्लभा ॥ १२ ॥

શ્રી (આશ્રય આપનારી શક્તિ)થી યુક્ત, કૃષ્ણની કાન્તા, કૃષ્ણને આનંદ આપનારી, યશવાળી, યશ દ્વારા (શ્રી—રાધાનો યશ ગાવાથી—) પામી શકાય તેવી, યશોદા અને નંદને વહાલાં. (૧૨)

दामोदरप्रिया गोपी, गोपानन्दकरी तथा ।
कृष्णाङ्गवासिनी हृद्या, हरिकान्ता हरिप्रिया ॥ १३ ॥

દામ (કે દોરડું) જેના ઉદર પર બંધાયું હતું તે દામોદરને પ્રિય, ગોપી, ગોવાળિયાઓને આનંદ આપનારી, કૃષ્ણના અંગમાં વાસ કરનારી, હૃદયને ગમે તેવી, હરિની કાન્તા અને હરિની પ્રિય. (૧૩)

प्रधानगोपिका गोप-कन्या त्रैलोक्यसुन्दरी ।
वृन्दावनविहारिणी, विकासितमुखाम्बुजा ॥ १४ ॥

મુખ્ય ગોપિકા, ગોપ (વૃષભાનુ)ની કન્યા, ત્રણે ય લોકમાં (સર્વશ્રેષ્ઠ) સુંદરી, વૃન્દાવનમાં વિહાર કરનારી, વિકસેલા (કે હસતા) મુખ-કમલવાળી. (૧૪)

गोकुलानन्दकर्त्री च, गोकुलानन्ददायिनी ।
गतिप्रदा गीतगम्या, गमनागमनप्रिया ॥ १५ ॥

ગોકુલને આનંદ કરનારી, ગોકુલને આનંદ આપનારી, ગતિને આપનારી, (રાધિકાનાં) ગીત (ગાવા)થી પામી શકાય તેવી, જવું-આવવું જેને પ્રિય છે તેવી—(૧૫)

विष्णुप्रिया विष्णुकान्ता, विष्णोरङ्क-निवासिनी ।
यशोदानन्दपत्नी च, यशोदानन्दगेहिनी ॥ १६ ॥

વિષ્ણુને પ્રિય, વિષ્ણુની કાન્તા, વિષ્ણુના ખોળામાં નિવાસ કરનારી, યશોદાના પુત્ર શ્રી કૃષ્ણની પત્ની, યશોદાના પુત્રની ગૃહિણી. (૧૬)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

कामारिकान्ता कामेशी, कामलालसविग्रहा ।
जयप्रदा जया जीवा, जीवानन्दप्रदायिनी ॥ १७ ॥

કામના શત્રુ શ્રી કૃષ્ણની પત્ની, કામ ઉપર શાસન કરનારી, ઇચ્છા અને અભિલાષાના સ્વરૂપવાળી, જયને આપનારી, જીવસ્વરૂપ કે ચૈતન્ય-સ્વરૂપ, જીવને આનંદ આપનારી. (૧૭)

नन्दनन्दनपत्नी च, वृषभानुसुता शिवा ।
गणाध्यक्षा गवाध्यक्षा, गवां गतिरनुत्तमा ॥ १८ ॥

નંદને આનંદ આપનારા પુત્ર શ્રી કૃષ્ણની પત્ની, વૃષભાનુની પુત્રી, કલ્યાણ-સ્વરૂપવાળી, ગણની કે સમૂહની અધ્યક્ષરૂપ, ગાયો ઉપર દેખરેખ રાખનારી, ગાયોની કે વાણીની સર્વશ્રેષ્ઠ ગતિરૂપ. (૧૮)

काञ्चनाभा हेमगात्रा, काञ्चनाङ्गदधारिणी ।
अशोका शोकरहिता, विशोका शोकनाशिनी ॥ १९ ॥

સુવર્ણ જેવી આભા (તેજ) વાળી, સુવર્ણ જેવા અવયવવાળી, સુવર્ણના અંગદ (બાજુબંધ) વાળી, (તાત્ત્વિક રીતે) શોક વગરની, (તેથી) શોકરહિત, (માયાથી શોકવાળી દેખાય પણ પછી તરત જ) જેમાંથી શોક જતો રહ્યો છે તેવી, (ભક્તના) શોકનો નાશ કરનારી. (૧૯)

गायत्री वेदमाता च, वेदातीता विदुत्तमा ।
नीतिशास्त्रप्रिया नीतिर्, गतिर्मतिरभीष्टदा ॥ २० ॥

વેદની માતા ગાયત્રીરૂપ, વેદથી પણ પર, જાણનારાઓમાં શ્રેષ્ઠ, નીતિ-શાસ્ત્ર જેને પ્રિય છે તેવી, નીતિ-સ્વરૂપ, (જગતની) ગતિરૂપ, મતિરૂપ, (ભક્તને) અભીષ્ટ કે ગમતી વસ્તુ આપનારી. (૨૦)

वेदप्रिया वेदगर्भा, वेदमार्गप्रवर्द्धिनी ।
वेदगम्या वेदपरा, विचित्रकनकोज्ज्वला ॥ २१ ॥

વેદને પ્રિય (અથવા વેદ જેને પ્રિય છે તેવી), વેદ જેના ગર્ભમાં રહે છે તેવી અથવા વેદના ગર્ભ (રહસ્ય) રૂપ, વેદમાર્ગની ખૂબ વૃદ્ધિ કરનારી, વેદથી જાણી શકાય તેવી, વેદના લક્ષ્યરૂપ, સુંદર સુવર્ણ જેવી ઉજ્જવલ. (૨૧)

तथोज्ज्वलप्रदा नित्या, तथैवोज्ज्वलगात्रिका ।
नन्दप्रिया नन्दसुता-राध्याऽऽनन्दप्रदा शुभा ॥ २२ ॥

તેમ જ ઉજ્જવલ પ્રકાશ આપનારી, નિત્ય, તેમ જ ઉજ્જવલ ગાત્રોવાળી, નંદરાયજીનાં વહાલાં પુત્રવધૂ, નંદરાયના પુત્ર શ્રીકૃષ્ણને માટે આરાધના કરવા યોગ્ય, આનંદ આપનારી, શુભ-સ્વરૂપ. (૨૨)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

शुभाङ्गी विमलाङ्गी च, विलासिन्यपराजिता ।
जननी जन्मशून्या च, जन्ममृत्युजरापहा ॥ २३ ॥

શુભ અંગવાળી, વિશુદ્ધ અંગવાળી (શ્રીકૃષ્ણની સાથે) વિલાસ કરનારી, કદી પરાજય નહીં પામનારી, (સર્વને) જન્મ આપનારી, પોતે જન્મ વગરની, જન્મ, મૃત્યુ અને વૃદ્ધાવસ્થાને દૂર કરનારી. (૨૩)

गतिर्गतिमतां धात्री, धात्र्यानन्दप्रदायिनी ।
जगन्नाथप्रिया शैल-वासिनी हेमसुन्दरी ॥ २४ ॥

ગતિ કરનારાઓની ગતિરૂપ, (સર્વને) ધારણ કરનારી, ધારણ કરનારી માતાની જેમ આનંદ આપનારી, જગતના નાથ શ્રીકૃષ્ણને પ્રિય, પર્વત ઉપર નિવાસ કરનારી, સુવર્ણ જેવી (કાંતિવાળી) સુંદરી. (૨૪)

किशोरी कमला पद्मा, पद्महस्ता पयोददा ।
पयस्विनी पयोदात्री; पवित्रा सर्वमङ्गला ॥ २५ ॥

(૧૧થી ૧૫ વર્ષની વચ્ચેની ઉંમરવાળી) કિશોરી, કમલ પર વિરાજનારી કમલા (લક્ષ્મી), પદ્મ ઉપર વિરાજનારી લક્ષ્મી, કમલ જેના હાથમાં છે તેવી, પાણીને આપનારા મેઘને આપનારી (અથવા દૂધને દેનાર સ્તનને આપનારી —માની જેમ સ્તનપાન કરાવનારી), દૂધથી યુક્ત, દૂધને આપનારી, પવિત્ર, સર્વને માટે મંગલરૂપ (૨૫)

महाजीवप्रदा कृष्ण-कान्ता कमलसुन्दरी ।
विचित्रवासिनी चित्र-वासिनी चित्ररूपिणी ॥ २६ ॥

મહાન જીવને (ઇષ્ટ વસ્તુ) આપનારી, શ્રીકૃષ્ણની કાન્તા, કમલ પર વિરાજનારી સુંદરી, વિવિધ સુંદર નિવાસવાળી, સુંદર (સુ)ગંધવાળી અથવા સુંદર વસ્ત્રવાળી, સુંદર રૂપવાળી. (૨૬)

निर्गुणा सुकुलीना च, निष्कुलीना निराकुला ।
गोकुलान्तगेहा च, योगानन्दकरी तथा ॥ २७ ॥

નિર્ગુણ-સ્વરૂપવાળી, સારા કુલવાળી, (તાત્ત્વિક રીતે) કોઈ કુલ વગરની, કદી વ્યાકુળ નહીં થતી, ગોકુલની અંદર જેનું ઘર છે તેવી, યોગના આનંદને ઉત્પન્ન કરનારી. (૨૭)

वेणुवाद्या वेणुरतिर्, वेणुवाद्यपरायणा ।
गोपालस्य प्रिया सौम्य-रूपा सौम्यकुलोद्वहा ॥ २८ ॥

વેણુ (વાંસળી) જેનું વાદ્ય છે તેવી, વેણુમાં રતિ (પ્રેમ)વાળી, વેણુ નામના વાદ્યમાં પરાયણ (તત્પર), ગોપાલની પ્રિય, શાંત સ્વરૂપવાળી, શાંત કુલના પુત્રી. (૨૮)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

मोहामोहा विमोहा च, गतिनिष्ठा गतिप्रदा ।
गीर्वाणवन्द्या गीर्वाणा, गीर्वाणगणसेविता ॥ २९ ॥

મોહ–સ્વરૂપવાળી, અ–મોહા, જેમાંથી મોહ જતો રહ્યો છે. તેવી, ગતિમાં જેની નિષ્ઠા (શ્રદ્ધા) છે તેવી, ગતિને આપનારી, દેવોને માટે વંદન કરવા યોગ્ય, દેવી, દેવોના સમૂહ દ્વારા સેવા કરાયેલી. (૨૯)

ललिता च विशोका च, विशाखा चित्रमालिनी ।
जितेन्द्रिया शुद्धसत्त्वा, कुलीना कुलदीपिका ॥ ३० ॥

લલિતા નામની સખી–સ્વરૂપ અથવા સુંદર, શોકરહિત (કે વિશોકા નામની સખી–સ્વરૂપ), વિશાખા સખી–સ્વરૂપ, સુંદર માલા ધારણ કરનારી, જિતેન્દ્રિય, શુદ્ધ સત્ત્વગુણવાળી અથવા શુદ્ધ અંતઃકરણવાળી, કુલીન, કુળની દીવડી-રૂપ. (૩૦)

दीपप्रिया दीपदात्री, विमला विमलोदका ।
कान्तारवासिनी कृष्णा, कृष्णचन्द्रप्रिया मतिः ॥ ३१ ॥

દીપ જેને પ્રિય છે તેવી, દીપ (પ્રકાશ) ને આપનારી વિશુદ્ધ, વિશુદ્ધ જલ ગ્રહણ કરનારી, વનમાં વસનારી, કૃષ્ણ–સ્વરૂપા, કૃષ્ણચંદ્રને પ્રિય, મતિ–સ્વરૂપ. (૩૧)

अनुत्तरा दुःखहन्त्री, दुःखकर्त्री कुलोद्वहा ।
मतिर्लक्ष्मीर्धृतिर्लज्जा, कान्तिः पुष्टिः स्मृतिः क्षमा ॥ ३२ ॥

જેનાથી વધારે ઊંચું કોઈ નથી તેવી, દુઃખને હણનારી, (ભક્તને દુઃખના અગ્નિથી શુદ્ધ કરવા) દુઃખ કરનારી, સારા કુલની પુત્રી, મતિરૂપ, લક્ષ્મી, ધૃતિ-રૂપ, લજ્જારૂપ, તેજરૂપ, પુષ્ટિરૂપ, સ્મૃતિરૂપ, ક્ષમારૂપ. (૩૨)

क्षीरोदशायिनी देवी, देवारिकुलमर्दिनी ।
वैष्णवी च महालक्ष्मीः, कुलपूज्या कुलप्रिया ॥ ३३ ॥

ક્ષીરસાગર (દૂધ–સાગર) પર શયન કરનારી, દેવી, દેવના શત્રુ–કુલનો નાશ કરનારી, વૈષ્ણવી, મહાલક્ષ્મી, (ભક્તોના) કુલને માટે પૂજવા યોગ્ય, કુલને પ્રિય. (૩૩)

संहर्त्री सर्वदैत्यानां, सावित्री वेदगामिनी ।
वेदातीता निरालम्बा, निरालम्बगणप्रिया ॥ ३४ ॥

સર્વ દૈત્યોનો સંહાર કરનારી, સર્વ પદાર્થોને ઉત્પન્ન કરનાર સવિતા (સૂર્ય)ની શક્તિ સાવિત્રીરૂપ, વેદ પ્રત્યે ગતિ કરનારી (= અથવા વેદ જેના પ્રત્યે જાય છે તેવી), વેદથી યે પર, કોઈ અવલંબન (બીજાના આધાર) વગરની, આલંબન વગરનાના ગણ (સમૂહ)ને પ્રિય. (૩૪)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitization by eGangotri

निरालम्बनजनैः पूज्या, निरालोका निराश्रया ।
एकाङ्गी सर्वगा सेव्या, ब्रह्मपत्नी सरस्वती ॥ ३५ ॥

આલંબન વગરના જનો દ્વારા પૂજવા યોગ્ય, ભૌતિક પ્રકાશની જરૂર વગરની, (ભૌતિક) આશ્રયથી રહિત, એક અંગવાળી (શ્યામની સાથે એક અંગવાળી), સર્વત્ર પહોંચી જનારી, સેવા કરવા યોગ્ય, બ્રહ્માની પત્ની સરસ્વતી-રૂપ. (૩૫)

रासप्रिया रासगम्या, राधाधिष्ठातृदेवता ।
रसिका रसिकानन्दा, स्वयं रासेश्वरी परा ॥ ३६ ॥

રાસ જેને પ્રિય છે તેવી, રાસ દ્વારા પામી શકાય તેવી, (કોઈ પણ), રાસની અધિષ્ઠાત્રી દેવતા (અધિષ્ઠાત્રી=દેખરેખ રાખનારી), રસિકા, રસિક-ભક્તને માટે આનંદરૂપ, પોતે શ્રેષ્ઠ રાસ-ઈશ્વરી (રાસ પર શાસન કરનારી). (૩૬)

रासमण्डलमध्यस्था, रासमण्डलशोभिता ।
रासमण्डलसेव्या च, रासक्रीडामनोहरा ॥ ३७ ॥

રાસ-મંડલની વચ્ચે રહેનારી, રાસમંડલથી શોભતી, રાસમંડલ દ્વારા સેવા કરવા યોગ્ય, રાસક્રીડામાં મનને હરી લેનારી. (૩૭)

पुण्डरीकाक्षनिलया, पुण्डरीकाक्षगेहिनी ।
पुण्डरीकाक्षसेव्या च, पुण्डरीकाक्षवल्लभा ॥ ३८ ॥

શ્વેત કમલ જેવી આંખોવાળા શ્યામરૂપી નિવાસવાળી, પુણ્ડરીકાક્ષ શ્યામની ગૃહિણી, પુણ્ડરીકાક્ષ શ્યામને માટે સેવા કરવા યોગ્ય, પુણ્ડરીકાક્ષ શ્યામની વહાલી. (૩૮)

सर्वजीवेश्वरी सर्व-जीववन्द्या परात्परा ।
प्रकृतिः शम्भुकान्ता च, सदाशिवमनोहरा ॥ ३९ ॥

સર્વ જીવોની ઈશ્વરી (શાસન કરનારી), સર્વ જીવને માટે વંદન કરવા યોગ્ય, પર તત્ત્વથી યે પર, પ્રકૃતિરૂપ, શંભુની કાન્તારૂપ, સદાશિવના મનને હરી લેનારી. (૩૯)

क्षुत्पिपासा दया निद्रा, भ्रान्तिः श्रान्तिः क्षमाकुला ।
वधूरूपा गोपपत्नी, भारती सिद्धयोगिनी ॥ ४० ॥

ક્ષુધા (ભૂખ)ની વૃત્તિરૂપ, જલ-પાનની ઇચ્છારૂપ, દયારૂપ, નિંદ્રારૂપ, ભ્રાન્તિરૂપ, શ્રમરૂપ, ક્ષમાભાવથી પૂર્ણ, (શ્યામની) વધૂ (પત્ની) રૂપ, (શ્યામ) ગોપની પત્ની, ભારતી (વાણી)રૂપ, સિદ્ધ કરેલા યોગવાળી. (૪૦)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

सत्यरूपा नित्यरूपा, नित्याङ्गी नित्यगेहिनी ।
स्थानदात्री तथा धात्री, महालक्ष्मीः स्वयंप्रभा ॥ ४१ ॥

સત્ય-સ્વરૂપ, નિત્ય-રૂપવાળી, નિત્ય-અંગવાળી, નિત્ય ગૃહિણી, (બીજાને ઉત્તમ) સ્થાન આપનારી, તથા સર્વને ધારણ કરનારી, મહાલક્ષ્મી-સ્વરૂપ, પોતે જ પ્રકાશ-સ્વરૂપ. (૪૧)

सिन्धुकन्याऽऽस्थानदात्री, द्वारकावासिनी तथा ।
बुद्धिः स्थितिः स्थानरूपा, सर्वकारणकारणा ॥ ४२ ॥

સમુદ્રની કન્યા લક્ષ્મી-સ્વરૂપ, આસ્થા (શ્રદ્ધા) ને આપનારી, દ્વારકામાં નિવાસ કરનારી, બુદ્ધિરૂપ, સ્થિતિરૂપ, સ્થાનના સ્વરૂપવાળી, બધાં કારણોના કારણ-રૂપ. (૪૨)

भक्तप्रिया भक्तगम्या, भक्तानन्द प्रदायिनी ।
भक्तकल्पद्रुमातीता, तथातीतगुणा तथा ॥ ४३ ॥

ભક્તને પ્રિય, ભક્ત દ્વારા પામી શકાય તેવી, ભક્તને આનંદ આપનારી, ભક્તને માટે કલ્પવૃક્ષ કરતાં યે અધિક (ફલ આપનારી), બધા કરતાં શ્રેષ્ઠ ગુણોવાળી. (૪૩)

मनोऽधिष्ठातृदेवी च, कृष्णप्रेमपरायणा ।
निरामया सौम्यदात्री, तथा मदनमोहिनी ॥ ४४ ॥

મનની ઉપર દેખરેખ રાખનારી અધિષ્ઠાત્રી દેવી, કૃષ્ણ-પ્રેમના એક જ ધ્યેયવાળી, રોગરહિત, શાંતિ આપનારી, મદન (કામદેવ) ને પણ મોહ પમાડનારી. (૪૪)

एकानंशा शिवा क्षेमा, दुर्गा दुर्गतिनाशिनी ।
ईश्वरी सर्ववन्द्या च, गोपनीया शुभंकरी ॥ ४५ ॥

એક સ્વરૂપ, અંશ (ભાગ-ખંડ) વગરની (અખંડ), કલ્યાણ-સ્વરૂપ, રક્ષણ-સ્વરૂપ, દુર્ગા, દુર્ગતિનો નાશ કરનારી, શાસન કરનારી, સર્વને માટે વંદવા યોગ્ય, ગુપ્ત રાખવા યોગ્ય, શુભ કરનારી. (૪૫)

पालिनी सर्वभूतानां, तथा कामाङ्गहारिणी ।
सद्योमुक्तिप्रदा देवी, वेदसारा परात्परा ॥ ४६ ॥

સર્વ પ્રાણીઓનું પાલન કરનારી, કામના અંગને હરી લેનારી, સદ્યોમુક્તિ (જ્ઞાન કે કૃપા થતાં તરત જ મળતી મુક્તિ) આપનારી દેવી, વેદના સારરૂપ, શ્રેષ્ઠ તત્ત્વથી યે પર રહેનારી. (૪૬)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

हिमालयसुता सर्वा, पार्वती गिरिजा सती ।
दक्षकन्या देवमाता-मन्दलज्जा हरेस्तनूः ॥४७॥

હિમાલયની પુત્રી, સર્વ-સ્વરૂપા, પાર્વતી, ગિરિ (પર્વત)માંથી જન્મેલી, સતી, દક્ષની કન્યા, દેવોની માતા (અદિતિ) રૂપ, અમંદ (=અત્યંત) લજ્જા સ્વરૂપા, હરિના શરીરરૂપ. (૪૭)

वृन्दारण्यप्रिया वृन्दा, वृन्दावनविलासिनी ।
विलासिनी वैष्णवी च, ब्रह्मलोकप्रतिष्ठिता ॥४८॥

વૃંદાવન (તુલસી-વન) જેને પ્રિય છે, પોતે વૃન્દા (રાધિકા) છે, વૃંદાવનમાં વિલાસ કરનારી, વિલાસ કરનારી, વિષ્ણુની શક્તિ વૈષ્ણવીરૂપ, બ્રહ્મ-લોક જેના આધારે પ્રતિષ્ઠિત (સ્થિર થયેલો) છે તેવી. (૪૮)

रुक्मिणी रेवती सत्य-भामा जाम्बवती तथा ।
सुलक्ष्मणा मित्रविन्दा, कालिन्दी जह्नुकन्यका ॥४९॥

રુક્મિણી, રેવતી, સત્યભામા, જાંબવતી, સુલક્ષ્મણા, મિત્રવિન્દા, કાલિન્દી (કલિન્દ પર્વતમાંથી જન્મેલી કાલિન્દી-યમુના) જહ્નુ નામના મુનિની પુત્રી (ગંગા) [શ્રી કૃષ્ણની આઠ પટરાણીઓ-(૧) રુક્મિણી, (૨) જાંબવતી, (૩) સત્યભામા, (૪) કાલિન્દી, (૫) મિત્રવિંદા, (૬) નાગ્નજિતી, (૭) ભદ્રા અને (૮) લક્ષ્મણા-જુઓ શ્રીમદ્ ભાગવત્ ૧૦/૫૪, ૫૬, ૫૮] (સર્વ પટરાણીરૂપે રાધિકા જ વિલસે છે.)

परिपूर्णा पूर्णतरा, तथा हैमवती-गतिः ।
अपूर्वा ब्रह्मरूपा च, ब्रह्माण्डपरिपालिनी ॥५०॥

પરિપૂર્ણ-સ્વરૂપ, કોઈ પણ બીજા તત્ત્વ કરતાં વધારે પૂર્ણ, હિમાલયનાં પુત્રી પાર્વતીની ગતિરૂપ, જેના જેવું પૂર્વે કોઈ થયું નથી તેવી અપૂર્વા, બ્રહ્મ-સ્વરૂપ, બ્રહ્માંડનું પાલન કરનારી. (૫૦)

ब्रह्माण्डभाण्डमध्यस्था, ब्रह्माण्डभाण्डरूपिणी ।
अण्डरूपाण्डमध्यस्था, तथाण्डपरिपालिनी ॥५१॥

(બ્રહ્માની સૃષ્ટિ માટે, પરમાત્માનું જે સૃષ્ટિબીજ સોનેરી ઈંડારૂપે થયું હતું તે) બ્રહ્મ+અંડ (બ્રહ્માંડ) રૂપી પાત્રની મધ્યમાં રહેલી, બ્રહ્માંડરૂપી પાત્રના સ્વરૂપવાળાં, ઈંડાના સ્વરૂપવાળી અને તે ઈંડાની મધ્યમાં રહેલી, તેમ જ બ્રહ્માંડનું પરિપાલન કરનારી રાધિકા (બ્રહ્માંડ માટે જુઓ મનુસ્મૃતિ અધ્યાય ૧, ૯-૧૧.) (૫૧)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अण्डबाह्याण्डसंहर्त्री, शिवब्रह्महरिप्रिया ।
महाविष्णुप्रिया कल्प-वृक्षरूपा निरन्तरा ॥ ५२ ॥

અંડ (આંતરિક અંડ–પિંડ) અને બાહ્ય અણ્ડનો (વિશ્વનો) સંહાર કરનારી, શિવ, બ્રહ્મા અને હરિને પ્રિય, મહાવિષ્ણુને પ્રિય, જે કલ્પો તે આપે તેવા કલ્પવૃક્ષના સ્વરૂપવાળી, જેની હાજરી ન હોય તેવા અંતર વગરની અર્થાત્ સર્વવ્યાપક રાધિકા. (૫૨)

सारभूता स्थिरा गौरी, गौराङ्गी शशिशेखरा ।
श्वेतचम्पकवर्णाभा, शशिकोटिसमप्रभा ॥ ५३ ॥

(વેદોના) સારરૂપ, સ્થિર (=નિત્ય), ગૌરી, ગૌર વર્ણનાં અંગોવાળી, ચંદ્ર જેના મસ્ત–આભૂષણરૂપ છે તેવી, શ્વેત ચંપાના પુષ્પના વર્ણ જેવી આભા (તેજ) વાળી, કરોડો ચંદ્ર જેવી પ્રભાવાળી રાધિકા. (૫૩)

मालतीमाल्यभूषाढ्या, मालतीमाल्यधारिणी ।
कृष्णस्तुता कृष्णकान्ता, वृन्दावनविलासिनी ॥ ५४ ॥

માલતી પુષ્પના આભૂષણથી સમૃદ્ધ, માલતીના પુષ્પને ધારણ કરનારી, કૃષ્ણ દ્વારા સ્તુતિ કરાયેલી, કૃષ્ણને પ્રિય, વૃંદાવનમાં વિલાસ કરનારી રાધિકા. (૫૪)

तुलस्यधिष्ठातृदेवी, संसारार्णवपारदा ।
सारदाऽऽहारदाम्भोदा, यशोदागोपनन्दिनी ॥ ५५ ॥

તુલસીજીના અધિષ્ઠાત્રી દેવી, સંસારરૂપી સાગરને પારને આપનારી – પહોંચાડનારી, સારને આપનારી, આહારને આપનારી, જલને આપનારી, યશોદાજીને અને ગોવાળોને આનંદ આપનારી–(૫૫)

अतीतगमना गौरी, परानुग्रहकारिणी ।
करुणार्णवसम्पूर्णा, करुणार्णवधारिणी ॥ ५६ ॥

(બુદ્ધિની) ગતિ (ગમન)થી જે (અતીત) પર છે, ગૌરી, બીજા ઉપર અનુગ્રહ કરનારી, કરુણાના સાગરથી ભરેલી, કરુણાના સાગરને ધારણ કરનારી–(૫૬)

माधवी माधवमनो-हारिणी श्यामवल्लभा ।
अन्धकारभयध्वस्ता, मङ्गल्या मङ्गलप्रदा ॥ ५७ ॥

માધવની પ્રિયા માધવી, માધવના મનને હરી લેનારી, શ્યામને વ્હાલી, અંધકાર અને ભય જેના દ્વારા નાશ પામે છે તેવી, મંગલરૂપ અને મંગલને ખૂબ આપનારી–(૫૭)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

श्रीगर्भा श्रीप्रदा श्रीशा, श्रीनिवासाच्युतप्रभा
श्रीरूपा श्रीहरा श्रीदा, श्रीकामा श्रीस्वरूपिणी ॥ ५८ ॥

શ્રી જેની અંદર છે તેવી, શ્રીને ખૂબ આપનારી, શ્રી ઉપર શાસન કરનારી શ્રીના નિવાસરૂપ, જેની પ્રભા ચ્યુત (ભ્રષ્ટ કે નષ્ટ) થતી નથી તેવી, શ્રીના જેવા રૂપવાળી, શ્રીને હરી લાવનારી, શ્રીને આપનારી, શ્રી જેની કામના કરે તેવી, શ્રીના સ્વરૂપવાળી– (૫૮)

श्रीदामानन्ददात्रीं च, श्रीदामेश्वरवल्लभा ।
श्रीनितम्बा श्रीगणेशा, श्रीस्वरूपाश्रिता श्रुतिः ॥ ५९ ॥

શ્રી દામા (સખા)ને આનંદ આપનારી, શ્રીદામાના (મિત્ર) ઈશ્વર (કૃષ્ણ)ની વહાલી, શ્રી જેના નિતમ્બ (કટિભાગ)માં રહે છે તેવી, શ્રી–દેવીના ગણ (સમૂહ) ઉપર શાસન કરનારી, શ્રીનું સ્વરૂપ જેને આશ્રિત છે તેવી, શ્રુતિ (=વેદ) રૂપ. (૫૯)

श्रीक्रियारूपिणी श्रीला, श्रीकृष्णभजनान्विता ।
श्रीराधा श्रीमती श्रेष्ठा, श्रेष्ठरूपा श्रुतिप्रिया ॥ ६० ॥

શ્રીની ક્રિયાના સ્વરૂપવાળી (શ્રી—લક્ષ્મી કે આશ્રય આપનારી શક્તિ તે. શ્રીના જે ક્રિયા–વ્યાપાર થાય છે તે રાધિકાજીને લીધે), શ્રીને આપનારી, શ્રીકૃષ્ણના ભજન સાથે જોડાયેલી, શ્રી–રાધા, શ્રીથી યુક્ત (શ્રીમતી), શ્રેષ્ઠ, શ્રેષ્ઠ રૂપથી યુક્ત, શ્રુતિ (વેદ)ને પ્રિય. (૬૦)

योगेशी योगमाता च, योगातीता युगप्रिया ।
योगप्रिया योगगम्या, योगिनीगणवन्दिता ॥ ६१ ॥

યોગ ઉપર શાસન કરનારી, યોગની માતા, યોગથી (પણ) પર, યુગને પ્રિય, યોગને પ્રિય, યોગ દ્વારા જાણી શકાય તેવી, યોગિનીઓના (જોગણીઓના) ગણ (સમૂહ) દ્વારા વંદન કરાયેલી. (૬૧)

जवाकुसुमसंकाशा, दाडिमीकुसुमोपमा ।
नीलाम्बरधरा धीरा, धैर्यरूपधरा धृतिः ॥ ६२ ॥

જપાકુસુમ (જાસૂદ) જેવી, દાડમના ફૂલ જેવી, નીલ વસ્ત્રને ધારણ કરનારી, ધીરા, ધૈર્યના સ્વરૂપને ધારણ કરનારી, ધૃતિ (ધીરજ) રૂપ. (૬૨)

रत्नसिंहासनस्था च, रत्नकुण्डलभूषिता ।
रत्नालङ्कारसंयुक्ता, रत्नमालाधरा परा ॥ ६३ ॥

રત્નના સિંહાસન ઉપર બેઠેલી, રત્નના કુંડલથી શોભતી, રત્નના અલંકારથી યુક્ત, રત્નમાલાને ધારણ કરનારી, શ્રેષ્ઠ. (૬૩)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

रत्नेन्द्रसारहाराढ्या, रत्नमालाविभूषिता ।
इन्द्रनीलमणिन्यस्त-पादपद्मशुभा शुचिः ॥ ६४ ॥

શ્રેષ્ઠ રત્નોના સારરૂપ હારથી સમૃદ્ધ, રત્નમાલાથી શોભતી, (શ્યામ) ઇન્દ્રનીલમણિ જેના ચરણકમલ ઉપર મૂકેલ છે તેવી અને તેથી શુભ, પવિત્ર. (૬૪)

कार्तिकी पौर्णमासी च, अमावस्या भयावहा ।
गोविन्दराजगृहिणी, गोविन्दगणपूजिता ॥ ६५ ॥

કાર્તિક માસની પૂર્ણિમારૂપ તથા અમાવાસ્યારૂપ ભયને દૂર કરનારી, ગોવિંદ (શ્રીકૃષ્ણ) રાજાની ગૃહિણી, ગોવિંદના ગણથી પૂજાયેલી. (૬૫)

वैकुण्ठनाथगृहिणी, वैकुण्ठपरमालया ।
वैकुण्ठदेवदेवाढ्या, तथा वैकुण्ठसुन्दरी ॥ ६६ ॥

વૈકુણ્ઠના નાથની ગૃહિણી, વૈકુણ્ઠના શ્રેષ્ઠ ધામવાળી, વૈકુણ્ઠના દેવોના દેવ (શ્રીકૃષ્ણ)થી સમૃદ્ધ એવી, તથા વૈકુણ્ઠ-સુંદરી. (૬૬)

मदालसा वेदवती, सीता साध्वी पतिव्रता ।
अन्नपूर्णा सदानन्द-रूपा कैवल्यसुन्दरी ॥ ६७ ॥

મદાલસા જે વેદને જાણનારી હતી-તે રાજા ઋતુધ્વજની વિદુષી પત્ની મદાલસારૂપ, સાધ્વી અને પતિવ્રતા સીતા-સ્વરૂપ, અન્નપૂર્ણારૂપ, સદા આનંદરૂપ, કેવલ આનંદનો જ અનુભવ કરાવનાર કૈવલ્ય (મોક્ષ)રૂપ સુંદરી. (૬૭)

कैवल्यदायिनी श्रेष्ठा, गोपीनाथमनोहरा ।
गोपीनाथेश्वरी चण्डी, नायिकानयनान्विता ॥ ६८ ॥

કૈવલ્ય (મોક્ષ) આપનારી, શ્રેષ્ઠ, ગોપીનાથના મનને હરી લેનારી, ગોપીનાથ ઉપર શાસન કરનારી, ચંડીરૂપ, નાયિકાના (સુંદર) નયનવાળી. (૬૮)

नायिका नायकप्रीता, नायकानन्दरूपिणी ।
शेषा शेषवती शेष-रूपिणी जगदम्बिका ॥ ६९ ॥

નાયિકારૂપ, નાયકને વ્હાલી, (શ્રીકૃષ્ણ રૂપ) નાયકને માટે આનંદરૂપ, (સર્જન-પ્રલય પછી પણ બાકી રહેનારી શક્તિ તે) શેષારૂપ, શેષવાળી, શેષના રૂપવાળી, જગતની અંબિકા (માતા). (૬૯)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

गोपालपालिका माया, जायाऽऽनन्दप्रदा तथा ।
कुमारी यौवनानन्दा, युवती गोपसुन्दरी ॥ ७० ॥

ગોવાળનું પાલન કરનારી, (શ્રીકૃષ્ણની આંહ્લાદિકા શક્તિરૂપ)માયા, શ્રીકૃષ્ણની પત્ની, આનંદને ખૂબ આપનારી, કુમારી, યૌવનના આનંદથી યુક્ત, યુવતી અને ગોવાળ-સુંદરી. (૭૦)

गोपमाता जानकी च, जनकानन्दकारिणी ।
कैलासवासिनी रम्भा, वैराग्यकुलदीपिका ॥ ७१ ॥

ગોપની માતા અને જનકરાજાની પુત્રી જાનકી, જનકને માટે આનંદ ઉત્પન્ન કરનારી, કૈલાસમાં નિવાસ કરનારી રંભા (અપ્સરા) સ્વરૂપ, વૈરાગ્યના કુલની દીવડી. (૭૧)

कमलाकान्तग्रहिणी, कमला कमलालया ।
त्रैलोक्यमाता जगताम्, अधिष्ठात्री प्रियाम्बिका ॥ ७२ ॥

લક્ષ્મીના પ્રિયતમ વિષ્ણુને ગ્રહણ કરનારી, કમલાસ્વરૂપ, કમલના (નિવાસ) સ્થાનવાળી, ત્રણ લોકની માતા, જગત ઉપર દેખરેખ રાખનારી શક્તિ, અંબિકા જેને પ્રિય છે તેવી. (૭૨)

हरकान्ता हररता, हरानन्दप्रदायिनी ।
हरपत्नी हरप्रीता, हरतोषणतत्परा ॥ ७३ ॥

શિવની પ્રિયતમા, શિવમાં રમણ કરનારી, શિવને આનંદ આપનારી, શિવની પત્ની, શિવ દ્વારા પ્રસન્ન કરવામાં આવેલી, શિવને સંતોષ આપવામાં તત્પર. (૭૩)

हरेश्वरी रामरता, रामा रामेश्वरी रमा ।
श्यामला चित्रलेखा च, तथा भुवनमोहिनी ॥ ७४ ॥

શિવ ઉપર શાસન કરનારી, રામમાં રમણ કરનારી, સુંદરી, રામ ઉપર શાસન કરનારી, લક્ષ્મી સ્વરૂપ, શ્યામલા અને ચિત્રલેખા તથા લોકને મોહ ઉત્પન્ન કરનારી. (૭૪)

सुगोपी गोपवनिता, गोपराज्यप्रदा शुभा ।
अङ्गारपूर्णा माहेयी, मत्स्यराजसुता सती ॥ ७५ ॥

સુંદર ગોપી, ગોપ-સ્ત્રી, ગોપને રાજ્ય આપનારી, શુભ-(કલ્યાણ) સ્વરૂપ અંગારાઓથી પૂર્ણ (લાલ) મંગલગ્રહ સ્વરૂપ, મત્સ્યરાજ (માછીમાર)ની પુત્રી (સત્યવતી-સ્વરૂપ), સતી. (૭૫)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

कौमारी नारसिंही च, वाराही नवदुर्गिका ।
चञ्चलाचञ्चलामोदा, नारी भुवनसुन्दरी ॥ ७६ ॥

કુમાર કાર્તિકેયની શક્તિરૂપ, નરસિંહ ભગવાનની શક્તિરૂપ, વરાહ ભગવાનની શક્તિરૂપ, નવદુર્ગાસ્વરૂપ, ચંચલ, અ–ચંચલને માટે આનંદરૂપ, નરની શક્તિરૂપ અને ભુવનની સુંદરી. (૭૬)

दक्षयज्ञहरा दाक्षी, दक्षकन्या सुलोचना ।
रतिरूपा रतिप्रीता, रतिश्रेष्ठा रतिप्रदा ॥ ७७ ॥

દક્ષ પ્રજાપતિના યજ્ઞને હરી લેનારી, દક્ષ દ્વારા જન્મેલી, દક્ષની કન્યા, સુંદર લોચનવાળી, પ્રેમ–સ્વરૂપ, પ્રેમથી પ્રસન્ન થનારી, પ્રેમમાં શ્રેષ્ઠ, પ્રેમ ખૂબ આપનારી. (૭૭)

रतिलक्षणगेहस्था, विरजा भुवनेश्वरी ने ।
शङ्कास्पदा हरेर्जाया, जामातृकुलवन्दिता ॥ ७८ ॥

રતિના (પ્રેમના) લક્ષણવાળા ઘરમાં રહેનારી, રજોધર્મ અથવા રજોગુણ વગરની, ભુવન ઉપર શાસન કરનારી, જેના સ્વરૂપ વિષે શંકા થાય તેવી, હરિની પત્ની, સ્વામીના કુલ દ્વારા વંદન કરાયેલી. (૭૮)

वकुला वकुलामोद–धारिणी यमुना जया ।
विजया जयपत्नी च, यमलार्जुनभञ्जिनी ॥ ७९ ॥

બકુલના વૃક્ષસ્વરૂપ અથવા શિવપત્ની, બકુલ પુષ્પની સુગંધ ધારણ કરનારી, યમુનાસ્વરૂપ, જયરૂપ, વિજયરૂપ અને જયની પત્ની, યમલ અને અર્જુનના વૃક્ષોને ભાંગી નાખનારી (કૃષ્ણની) શક્તિરૂપ. (૭૯)

वक्रेश्वरी वक्ररूपा, वक्रवीक्षणवीक्षिता ।
अपराजिता जगन्नाथा, जगन्नाथेश्वरी यतिः ॥ ८० ॥

કુટિલતા કે સુંદરતાથી યુક્ત પદાર્થો પર શાસન કરનારી, કુટિલતાયુક્ત કે સુંદરતાયુક્ત પદાર્થસ્વરૂપ, (શ્રીકૃષ્ણ દ્વારા) વક્ર દૃષ્ટિથી જોવાયેલી, કોઈથી પરાજય નહીં પામેલી, જગતની સ્વામિની, જગન્નાથ પર શાસન કરનારી, સંયમ–સ્વરૂપ. (૮૦)

खेचरी खेचरसुता, खेतरत्वप्रदायिनी ।
विष्णुवक्षःस्थलस्था च, विष्णुभावनतत्परा ॥ ८१ ॥

આકાશમાં વિચરનારી, આકાશમાં વિચરનાર, (વૃષ–ભાનુ) સૂર્યની પુત્રી, આકાશમાં ફરવાની શક્તિ આપનારી, વિષ્ણુની છાતી પર રહેનારી અને વિષ્ણુની ભાવનામાં તત્પર રહેનારી. (૮૧)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

चन्द्रकोटिसुगात्री च, चन्द्राननमनोहरा ।
सेवासेव्या शिवा क्षेमा, तथा क्षेमंकरी वधूः ॥ ८२ ॥

કરોડ ચંદ્રના જેવા સુંદર અવયવોવાળી, ચંદ્ર જેવા મુખથી મનને હરી લેનારી, સેવા દ્વારા સેવા કરવા યોગ્ય, કલ્યાણ-સ્વરૂપ, રક્ષણરૂપ તથા રક્ષણ કરનારી વધૂ. (૮૨)

यादवेन्द्रवधूः शैव्या, शिवभक्ता शिवान्विता ।
केवला निष्फला सूक्ष्मा, महाभीमाभयप्रदा ॥ ८३ ॥

યાદવોમાં શ્રેષ્ઠ શ્રીકૃષ્ણની વધૂ, શૈબ્ય રાજાની પુત્રી, શિવની ભક્ત, શિવ સાથે જોડાયેલી, એકલી (શક્તિસ્વરૂપ), ફલની આશા વગરની, સૂક્ષ્મસ્વરૂપા, મહાભયંકર, અભયને આપનારી. (૮૩)

जीमूतरूपा जैमूती, जितामित्रप्रमोदिनी ।
गोपालवनिता नन्दा, कुलजेन्द्रनिवासिनी ॥ ८४ ॥

ઘન(મેઘ-શ્યામ)ના સ્વરૂપવાળી, મેઘમાં રહેતી વિદ્યુતસ્વરૂપ, શત્રુઓને જીતનારી, અત્યંત આનંદથી ભરેલી, ગોપાલ-સ્ત્રી, આનંદરૂપ, (યદુ)કુલમાં જન્મેલાઓમાં શ્રેષ્ઠ (શ્રીકૃષ્ણ)ની પાસે નિવાસ કરનારી. (૮૪)

जयन्ती यमुनाङ्गी च, यमुनातोषकारिणी ।
कलिकल्मषभङ्गा च, कलिकल्मषनाशिनी ॥ ८५ ॥

જય પામતી, યમુના જેનું અંગ છે તેવી, યમુનાને સંતોષ આપનારી, કલિયુગના પાપનો ભંગ કરનારી, કલિયુગના પાપનો નાશ કરનારી. (૮૫)

कलिकल्मषरूपा च, नित्यानन्दकरी कृपा ।
कृपावती कुलवती, कैलासाचलवासिनी ॥ ८६ ॥

કલિયુગના દોષરૂપે રહેલી (બાંધનારી માયાશક્તિ), અને નિત્યાનંદ આપનારી કૃપારૂપ, કૃપાથી યુક્ત, કુલીન, કૈલાસ પર્વત પર વાસ કરનારી. (૮૬)

वामदेवी वामभागा, गोविन्दप्रियकारिणी ।
नरेन्द्रकन्या योगेशी, योगिनी योगरूपिणी ॥ ८७ ॥

સુંદર દેવી, (શ્રીકૃષ્ણની) ડાબી બાજુના ભાગવાળી, ગોવિન્દને પ્રિય લાગે તેવું કરનારી, રાજા (ભાનુ)ની કન્યા, યોગેશ્વરી, યોગિની, યોગના સ્વરૂપવાળી. (૮૭)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

योगसिद्धा सिद्धरूपा, सिद्धक्षेत्रनिवासिनी ।
क्षेत्राधिष्ठातृरूपा च, क्षेत्रातीता कुलप्रदा ॥ ८८ ॥

યોગમાં સિદ્ધ, સિદ્ધ સ્વરૂપ, સિદ્ધ ક્ષેત્રમાં નિવાસ કરનારી, (શરીર)ક્ષેત્ર ઉપર દેખરેખ રાખનારી અને (શરીરરૂપી)ક્ષેત્રથી પર અને (સારા) કુલને આપનારી. (૮૮)

केशवानन्ददात्री च, केशवानन्ददायिनी ।
केशवा केशवप्रीता, केशवी केशवप्रिया ॥ ८९ ॥

કેશવને આનંદ આપનારી અને કેશવને આનંદ અપાવનારી–આપનારી, કેશવરૂપ, કેશવને પ્રસન્ન કરનારી, કેશવની શક્તિરૂપ, કેશવને પ્રિય. (૮૯)

रासक्रीडाकरी रास–वासिनी राससुन्दरी ।
गोकुलान्वितदेहा च, गोकुलत्व-प्रदायिनी ॥ ९० ॥

રાસક્રીડા કરનારી, રાસમાં વાસ કરનારી, રાસની સુંદરી, ગોકુલ સાથે જોડાયેલા દેહવાળી અને ગોકુલની સ્થિતિને સારી રીતે આપનારી. (૯૦)

लवङ्गनाम्नी नारङ्गी, नारङ्गकुलमण्डना ।
एलालवङ्गकर्पूर–मुखवासमुखान्विता ॥ ९१ ॥

'લવંગ' નામવાળી, 'નારંગી', નારંગ નામના કુલના આભૂષણરૂપ, એલાયચી, લવિંગ, કપૂર એ મુખવાસથી યુક્ત (શ્રીરાધિકાજી). (૯૧)

मुख्या मुख्यप्रदा मुख्य–रूपा मुख्यनिवासिनी ।
नारायणी कृपातीता, करुणाभयकारिणी ॥ ९२ ॥

મુખ્ય, મુખ્ય પદાર્થને આપનારી, મુખ્યરૂપવાળી, મુખ્ય નિવાસથી યુક્ત, નારાયણી, કૃપાના ભાવથી યે શ્રેષ્ઠ (માધુર્યભાવમાં રહેલી), આરાધના કરનાર ઉપર કરુણા કરનારી, અભય કરનારી. (૯૨)

कारुण्या करुणा कर्णा, गोकर्णा नागकर्णिका ।
सर्पिणी कौलिनी-क्षेत्र--वासिनी जगदन्वया ॥ ९३ ॥

કારુણ્યરૂપ, કરુણાસ્વરૂપ, સુંદર કર્ણવાળી અથવા કરુણામય પ્રાર્થનાને સાંભળનારી, કુણ્ડલિની શક્તિરૂપ, એરંડ–ઔષધિરૂપ, સર્પિણીસ્વરૂપ, શક્તિના ક્ષેત્રમાં વાસ કરનારી, જગતની સાથે કારણરૂપે જોડાયેલી. (૯૩)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitization by eGangotri

जटिला कुटिला नीला, नीलाम्बरधरा शुभा ।
नीलाम्बरविधात्री च, नीलकण्ठप्रिया तथा ॥ ९४ ॥

(તપસ્વિની જેવા) ગૂંથેલા કેશવાળી, ત્રિભંગ સાથે વક્ર બનીને ઊભી રહેતી, (શ્રીશ્યામનું સતત ચિંતન કરતી હોવાથી, પોતે ગૌરવર્ણની છતાં) શ્યામા, શ્યામ વસ્ત્રને ધારણ કરતી, શુભ-સ્વરૂપ, નીલ વસ્ત્રને રચનારી, નીલ-કંઠ મોરને પ્રિય. (૯૪)

भगिनी भागिनी भोग्या, कृष्णभोग्या भगेश्वरी ।
बलेश्वरी बलाराध्या, कान्ता कान्तनितम्बिनी ॥ ९५ ॥

ભગ અર્થાત્ ઐશ્વર્ય વગેરે ગુણોથી યુક્ત, (ઉત્તમ) ભાગ્યવાળી, (શ્રીશ્યામની સાથે પરમાનંદ) ભોગવવા યોગ્ય, શ્રીકૃષ્ણની સાથે ભોગ ભોગવવા યોગ્ય, ભગ એટલે ઐશ્વર્ય, શ્રી વગેરે ગુણો ઉપર શાસન કરનારી, બલ ઉપર શાસન કરનારી, (તપ, વ્રત, સંયમ વગેરેના) બલથી આરાધના કરવા યોગ્ય, મનને આકર્ષે તેવા સૌન્દર્યવાળી, સુંદર કટિપ્રદેશવાળી. (૯૫)

नितम्बिनी रूपवती, युवती कृष्णपीवरी ।
विभावरी वेत्रवती, संकटा कुटिलालका ॥ ९६ ॥

સુંદર નિતંબ(કટિપ્રદેશ)વાળી, રૂપથી યુક્ત, યુવતી, શ્રીકૃષ્ણની જેમ હૃષ્ટપુષ્ટ, પ્રકાશથી યુક્ત, વેત્ર (નેતર)ની છડી ધારણ કરનારી, (આભૂષણોથી) પૂર્ણ, વાંકી કેશલટોવાળી. (૯૬)

नारायणप्रिया शैला, सृक्कणीपरिमोहिता ।
दृक्पातमोहिता प्रात-राशिनी नवनीतिका ॥ ९७ ॥

શ્રીનારાયણને પ્રિય, શૈલજા અર્થાત્ પર્વતની પુત્રી પાર્વતી-સ્વરૂપ, સુંદર હોઠના ખૂણાઓથી અત્યંત મોહ પમાડનારી, જેના પર દૃષ્ટિપાત કે નજર નાખે તેને મોહ પમાડનારી, પ્રભાતે ભોજન કરનારી, માખણ(ની સમૃદ્ધિ)યુક્ત. (૯૭)

नवीना नवनारी च, नारङ्गफलशोभिता ।
हैमी हेममुखी चन्द्र-मुखी शशिसुशोभना ॥ ९८ ॥

(નિત્ય)નવીન, નવાં નારી, નારંગી-ફલથી સુશોભિત, સુવર્ણ જેવા વર્ણવાળી, સોનેરી મુખવાળી, ચન્દ્રમુખી, ચંદ્ર જેવી શોભાવાળી. (૯૮)

अर्धचन्द्रधरा चन्द्र-वल्लभा रोहिणी तमिः ।
तिमिंगिलकुलामोद-मत्स्यरूपाङ्गहारिणी ॥ ९९ ॥

અર્ધ-ચંદ્રને ધારણ કરનારી, (કૃષ્ણ) ચંદ્રને પ્રિય, લાલ કે ગૌર વર્ણવાળી, શ્યામા, મહામત્સ્યરૂપ બનેલા ભગવાનના કુળને માટે આનંદરૂપ, મત્સ્યરૂપ ભગવાનના સ્વરૂપને આકર્ષનારી. (૯૯)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

कारिणी सर्वभूतानां, कार्यातीता किशोरिणी ।
किशोरवल्लभा केश-कारिका कामकारिका ॥ १०० ॥

સર્વભૂતોને ઉત્પન્ન કરનારી, કાર્યરૂપે રહેલા જગતથી પર, કિશોર સ્વરૂપવાળી, કિશોર-કૃષ્ણને વહાલી, સુંદર કેશને વ્યવસ્થિત રાખનારી, પોતાની ઇચ્છા પ્રમાણે કાર્ય કરનારી. (૧૦૦)

कामेश्वरी कामकला, कालिन्दीकूलदीपिका ।
कलिन्दतनयातीर-वासिनी तीरगेहिनी ॥ १०१ ॥

કામ ઉપર શાસન કરનારી, કામ જેની કલા (અંશ) છે તેવી, યમુનાને કિનારે રહેલી (ઝળહળતી) દીવડી-સ્વરૂપ, કલિન્દ પર્વતની પુત્રી કાલિન્દી અર્થાત્ યમુનાને તીરે વાસ કરનારી, તીર ઉપરના ગૃહવાળી. (૧૦૧)

कादम्बरीपानपरा, कुसुमामोदधारिणी ।
कुमुदा कुमुदानन्दा, कृष्णकेशी कामवल्लभा ॥ १०२ ॥

કાદંબરી (સોમ જેવા આનંદપ્રદ) રસનું પાન કરવામાં તત્પર, પુષ્પની સુગંધ ધારણ કરનારી, કુમુદ (કમલ) જેવા ગૌરવવર્ણવાળી, કુમુદથી આનંદ માણનારી, કાળા કેશવાળી, કામ-સ્વરૂપવાળા શ્રીકૃષ્ણને પ્રિય. (૧૦૨)

तर्कालो वैजयन्ती च, निम्बदाडिम्बरूपिणी ।
बिल्ववृक्षप्रिया कृष्णाम्ब-रा बिल्वोपमस्तनी ॥ १०३ ॥

તર્કારિ (દૂધી) વગેરે વનસ્પતિરૂપ (Monier Williams), વિજય અપાવનારી માળા પહેરનારી, લીમડા અને દાડમરૂપી વનસ્પતિના સ્વરૂપવાળી, બીલીનું વૃક્ષ જેને પ્રિય છે તેવી, શ્યામ વસ્ત્રને ધારણ કરનારી, બીલાં જેવાં સ્તનવાળી. (૧૦૩)

बिल्वात्मिका बिल्ववपुर्-बिल्ववृक्षनिवासिनी ।
तुलसीतोषिका तैति—लानन्दपरितोषिका ॥ १०४ ॥

બીલીના સ્વરૂપવાળી, બીલારૂપી ધનવાળી, બીલાના વૃક્ષમાં નિવાસ કરનારી, તુલસીને સંતોષ આપનારી તૈતિલ નામના મનુષ્યને કે દેવને આનંદ આપીને પરિતોષ પામનારી. (૧૦૪)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitization by eGangotri

गजमुक्ता महामुक्ता, महामुक्तिफलप्रदा ।
अनङ्गमोहिनी शक्ति-रूपा शक्तिस्वरूपिणी ॥ १०५ ॥

હાથીના ગંડસ્થલમાંથી નીકળતાં મોતીને ધારણ કરતી, મોટાં મોતીવાળી, મોટા મુક્તિ-ફલને આપનારી, કામદેવને (પણ) મોહ પમાડનારી, શક્તિના રૂપવાળી, શક્તિના સ્વરૂપવાળી. (૧૦૫)

पञ्चशक्तिस्वरूपा च, शैशवानन्दकारिणी ।
गजेन्द्रगामिनी श्याम-लतानङ्गलता तथा ॥ १०६ ॥

પંચ એટલે વિસ્તારની શક્તિના સ્વરૂપવાળી, બાળપણના આનંદને ઉત્પન્ન કરનારી, શ્રેષ્ઠ હાથીના જેવી ચાલવાળી, શ્યામલતા અને અનંગ (કામદેવ) લતાના સ્વરૂપવાળી (૧૦૬)

योषित्-शक्तिस्वरूपा च, योषिदानन्दकारिणी ।
प्रेमप्रिया प्रेमरूपा, प्रेमानन्द-तरङ्गिणी ॥ १०७ ॥

સ્ત્રી-શક્તિના સ્વરૂપવાળી, સ્ત્રીને આનંદ આપનારી, પ્રેમતત્ત્વ જેને પ્રિય છે તેવી, પ્રેમ-સ્વરૂપ, પ્રેમ અને આનંદના તરંગવાળી. (૧૦૭)

प्रेमहारा प्रेमदात्री, प्रेमशक्तिमयी तथा ।
कृष्णप्रेमवती धन्या, कृष्णप्रेमतरङ्गिणी ॥ १०८ ॥

પ્રેમના આકર્ષણવાળી, પ્રેમને આપનારી, પ્રેમની શક્તિથી ભરેલી, કૃષ્ણના પ્રેમને પામનારી, ધન્ય, કૃષ્ણના પ્રેમના તરંગ (=મહાભાવ) વાળી. (૧૦૮)

प्रेमभक्तिप्रदा प्रेमा, प्रेमानन्दतरङ्गिणी ।
प्रेमक्रीडापरीताङ्गी, प्रेमभक्तितरङ्गिणी ॥ १०९ ॥

પ્રેમભક્તિને આપનારી, પ્રેમસ્વરૂપ, પ્રેમના આનંદના તરંગે ઝૂલતી, પ્રેમ-ક્રીડાથી વ્યાપ્ત અંગવાળી, પ્રેમભક્તિના તરંગવાળી. (૧૦૯)

प्रेमार्थदायिनी सर्व-श्वेता नित्यतरङ्गिणी ।
हावभावान्विता रौद्रा, रुद्रानन्दप्रकाशिनी ॥ ११० ॥

પ્રેમ-પદાર્થ આપનારી, સર્વાંગે ગૌરી, નિત્ય (આનંદના) તરંગે ઝૂલતી, લીલા-વિલાસ જેવા હાવ અને ભાવથી યુક્ત, રૌદ્રા અર્થાત્ જ્ઞાન આપનારી, રુદ્રને માટે આનંદનો પ્રકાશ કરનારી. (૧૧૦)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

कपिला शृङ्खला केश-पाशसम्बन्धिनी घटी ।
कुटीरवासिनी धूम्रा, धूम्रकेशा जलोदरी ॥ १११ ॥

સોનેરી વર્ણની માળાને ધારણ કરતી, (અથવા સોનેરી વર્ણની અને બંધનમાં નાખતી સાંકળરૂપ), સુંદર કેશપાશના સંબંધવાળી, ઘાટડી (ઓઢણી)ને ધારણ કરતી, કુટીરમાં વાસ કરનારી, ધૂમ્રારૂપે રહેલાં દુર્ગાના સ્વરૂપવાળી, ધૂમ્રવર્ણના કેશથી યુક્ત, ઉદરમા જલવાળી. (૧૧૧)

ब्रह्माण्डगोचरा ब्रह्म-रूपिणी भवभाविनी ।
संसारनाशिनी शैवा, शैवलानन्ददायिनी ॥ ११२ ॥

બ્રહ્માંડને જાણનારી, બ્રહ્મના સ્વરૂપવાળી, સંસારને ઉત્પન્ન કરનારી, સંસારનો નાશ કરનારી, કલ્યાણ સાથે જોડાયેલી, શૈવલ અર્થાત્ સુગંધી કાષ્ટના આનંદને આપનારી. (૧૧૨)

शिशिरा हेमरागाढ्या, मेघरूपातिसुन्दरी ।
मनोरमा वेगवती, वेगाढ्या वेदवादिनी ॥ ११३ ॥

શીતલ, સોનેરી રંગથી પૂર્ણ (=સમૃદ્ધ), ઘનશ્યામરૂપ, અતિસુંદરી, મનને આનંદ આપનારી, વેગથી યુક્ત, વેગથી સમૃદ્ધ, વેદ ઉચ્ચારનારી.. (૧૧૩)

दयान्विता दयाधारा, दयारूपा सुसेविनी ।
किशोरसङ्गमसंसर्गा, गौरचन्द्रानना कला ॥ ११४ ॥

દયાથી યુક્ત, દયાના આધારરૂપ કે દયાની ધારારૂપ, દયારૂપ, સારી રીતે (શ્યામને) સેવનારી, કિશોર શ્રીકૃષ્ણના સંગમરૂપ સંસર્ગવાળી, ગોરા ચન્દ્ર જેવા મુખવાળી, કલારૂપ. (૧૧૪)

कलाधिनाथवदना, कलानाथाधिरोहिणी ।
विराग-कुशला हेम-पिङ्गला हेममण्डगा ॥ ११५ ॥

(સોળ કળાઓના નાથ=) ચંદ્ર જેવા મુખવાળી, ચંદ્ર ઉપર અધિરોહણ કરનારી (ચઢનારી), વૈરાગ્ય-ભાવમાં કુશળ, સુવર્ણ જેવા પિંગળા વર્ણવાળી, સુવર્ણના આભૂષણવાળી. (૧૧૫)

भाण्डीरतालवनगा, कैवर्ती पीवरी शुकी ।
शुकदेवगुणातीता, शुकदेवप्रिया सखी ॥ ११६ ॥

ભાંડીરવટ અને તાલના વનમાં જનારી, (સંસારસાગરને પાર કરાવનારી નૌકાની) કર્ણધાર, હૃષ્ટપુષ્ટ, મેનારૂપ, શુકદેવજીના ગુણોથી ય પેલી પાર રહેલી, શુકદેવજીને પ્રિય, (શ્યામની) સખી. (૧૧૬)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

विकलोत्कर्षिणीं कोषा, कौशेयाम्बरधारिणी ।
कौषावरी कोषरूपा, जगदुत्पत्तिकारिका ॥ ११७ ॥

વિકલ (અપૂર્ણ અંગવાળા)ને ઉત્કર્ષ કરનારી, ભંડારરૂપ, રેશમી વસ્ત્રને ધારણ કરનારી, કૌષારવી (મૈત્રેયી ભાગવત ૨-૧૦-૪૯ મૈત્રેય પરથી મૈત્રેયી) કે કોષાવરી (ભંડારથી યુક્ત), કોષરૂપ,જગતની ઉત્પત્તિ કરનારી. (૧૧૭)

सृष्टिस्थितिकरी संहा-रिणी संहारकारिणी ।
केशशैवलधात्री च, चन्द्रगात्रा सुकोमला ॥ ११८ ॥

સૃષ્ટિ (સર્જન) કરનારી અને સ્થિતિ અર્થાત્ પોષણ કરનારી, (જગતનો) સંહાર કરનારી, સંહાર કરાવનારી, કેશરૂપી શેવાળને ધારણ કરનારી, ચંદ્ર જેવાં શીતલ ગાત્રવાળી, અત્યંત કોમલ. (૧૧૮)

पद्माङ्गरागसंरागा, विन्ध्याद्रिपरिवासिनी ।
विन्ध्यालया श्यामसखी, सखीसंसाररागिणी ॥ ११९ ॥

કમળના સુગંધી ચૂર્ણના સારા વર્ણવાળી, વિન્ધ્ય પર્વતમાં વાસ કરનારી, વિન્ધ્ય પર્વતમાં રહેનારી, શ્યામની સખી, સખીના સંસારમાં અનુરાગ રાખનારી. (૧૧૯)

भूता भविष्या भव्या च, भव्यगात्रा भवातिगा ।
भवनाशान्तकारिण्या-काशरूपा सुवेशिनी ॥ १२० ॥

ભૂત (થઈ ગયેલા) પદાર્થરૂપ, થનારા પદાર્થરૂપ, ભવ્ય (ગમે તે થનારની યોગ્યતાવાળા) ભવ્ય ગાત્રવાળી, ભવ એટલે સંસારની પેલે પાર ગયેલી, ભવ (સંસાર)ના નાશરૂપ અંતને કરનારી, આકાશ જેવા વ્યાપક સ્વરૂપવાળી, સુંદર વસ્ત્રવાળી. (૧૨૦)

रतिरङ्गपरित्यागा, रतिवेगा रतिप्रदा ।
तेजस्विनी तेजोरूपा, कैवल्यपथदा शुभा ॥ १२१ ॥

રતિ (સુખ)ના રંગને છોડનારી, રતિ (સુખ અથવા કામદેવની પત્ની) જેવા વેગવાળી, રતિને આપનારી, તેજથી યુક્ત, તેજરૂપ, મુક્તિના માર્ગને આપનારી, શુભ. (૧૨૧)

भक्तिहेतुर्मुक्तिहेतुर्, लङ्घिनी लङ्घनक्षमा ।
विशालनेत्रा वैशाली, विशालकुलसंभवा ॥ १२२ ॥

ભક્તિના હેતુરૂપ, મુક્તિના હેતુરૂપ, (દેશ-કાલને) ઓળંગી જનારી, ઓળંગવામાં સમર્થ, વિશાલ નેત્રવાળી, વિશેષ (શાલા=) ભવનવાળી, વિશાલ કુલમાં જન્મ લેનારી. (૧૨૨)

Dr. Urmila Sharma Collection, Varanasi

 CC0. In Public Domain, Digitizagtion by eGangotri

विशालगृहवासा च, विशालबदरीरतिः ।
भक्त्यातीता भक्तिगतिर्-भक्तिका शिवभक्तिदा ॥ १२३ ॥

વિશાળ ગૃહમાં વાસ કરનારી, વિશાલ-બદરી (નારાયણ)માં પ્રેમ રાખનારી, ભક્તિથી પર, ભક્તિના લક્ષ્યરૂપ, ભક્તિ-સ્વરૂપ, શિવ-ભક્તિને આપનારી. (૧૨૩)

शिवभक्तिस्वरूपा च, शिवार्द्धाङ्गविहारिणी ।
शिरीषकुसुमामोदा, शिरीषकुसुमोज्ज्वला ॥ १२४ ॥

શિવ-ભક્તિ-સ્વરૂપ, શિવના અર્ધા અંગમાં વિહાર કરનારી, શિરીષ પુષ્પની સુગંધવાળી, શિરીષ પુષ્પ જેવી ઉજ્જવલ (ચમકતી) (૧૨૪)

शिरीषमृद्वी शैरीषी, शिरीषकुसुमाकृतिः ।
वामाङ्गहारिणी विष्णोः, शिवभक्तिसुखान्विता ॥ १२५ ॥

શિરીષ પુષ્પ જેવી મૃદુ, શિરીષ પુષ્પ સ્વરૂપ, શિરીષ પુષ્પના જેવી આકૃતિવાળી, વિષ્ણુના વામ અંગને હરી લેનારી, શિવ-ભક્તિના સુખથી યુક્ત. (૧૨૫)

विजिता विजितामोदा, गणगा गणतोषिता ।
हयास्या हेरम्बसुता, गणमाता सुखेश्वरी ॥ १२६ ॥

વિજયથી યુક્ત, વિજયના આનંદવાળી, ગણો સાથે ગતિ કરનારી, ગણ દ્વારા સંતોષ પામેલી, અશ્વમુખી, ગણગતિરૂપ પુત્રવાળી, ગણોની માતા, સુખ ઉપર શાસન કરનારી. (૧૨૬)

दुःखहन्त्री दुःखहरा, सेवितेप्सितसर्वदा ।
सर्वज्ञत्वविधात्री च, कुलक्षेत्रनिवासिनी ॥ १२७ ॥

દુઃખને હણનારી, દુઃખને હરી લેનારી, જેનું સેવન કરાય તેવી ઇચ્છિત સર્વ વસ્તુને આપનારી, સર્વજ્ઞપણાને રચી આપનારી, અને કુલક્ષેત્રમાં નિવાસ કરનારી. (૧૨૭)

लवङ्गा पाण्डवसखी, सखीमध्यनिवासिनी ।
ग्राम्यगीता गया गम्या, गमनातीतनिर्भरा ॥ १२८ ॥

લવિંગલતારૂપ, પાંડવોની સખી, સખીઓની મધ્યે નિવાસ કરનારી, ગ્રામમાં ગવાતાં ગીતોથી યુક્ત, ગયા તીર્થના સ્વરૂપવાળી, પાસે જઈ શકાય તેવી, ગતિથી અતીત તત્ત્વ ઉપર આધારિત. (૧૨૮)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitization by eGangotri

सर्वाङ्गसुन्दरी गङ्गा, गङ्गाजलमया तथा ।
गङ्गेरिता पूतगात्रा, पवित्रकुलदीपिका ॥ १२९ ॥

સર્વાંગ સુંદરી, ગંગારૂપ તથા ગંગાજલથી ભરેલી, ગંગા દ્વારા પ્રેરાયેલી, પવિત્ર ગાત્રવાળી, પવિત્ર કુલની દીવડી–સ્વરૂપ. (૧૨૯)

पवित्रगुणशीलाढ्या, पवित्रानन्ददायिनी ।
पवित्रगुणसीमाढ्या, पवित्रकुलदीपिनी ॥ १३० ॥

પવિત્ર ગુણ અને શીલથી સમૃદ્ધ, પવિત્ર આનંદ આપનારી, પવિત્ર ગુણની (ચરમ) સીમાર્થા સમૃદ્ધ, પવિત્ર કુલને દીપાવનારી. (૧૩૦)

कल्पमाना कंसहरा, विन्ध्याचलनिवासिनी ।
गोवर्धनेश्वरी गोवर्ध-नहास्या हयाकृतिः ॥ १३१ ॥

કાંઈ પણ રચવા માટે સમર્થ, કંસ(=અહંકાર)ને હરી લેનારી, વિન્ધ્ય પર્વત ઉપર નિવાસ કરનારી, ગોવર્ધન ઉપર શાસન કરનારી, ગોવર્ધનરૂપી હાસ્યવાળી, અશ્વ જેવી આકૃતિવાળી. (૧૩૧)

मीनावतारा मीनेशी, गगनेशी हया गजी ।
हरिणी हारिणी हार-धारिणी कनकाकृतिः ॥ १३२ ॥

(શ્રીવિષ્ણુની સાથે અભિન્ન રહીને) મત્સ્ય અવતારને ધારણ કરનારી, મત્સ્ય ઉપર શાસન કરનારી, ગગન (આકાશ) ઉપર શાસન કરનારી, અશ્વરૂપા, ગજરૂપા, હરણરૂપા, (સર્વના મનને) હરી લેનારી, હારને ધારણ કરનારી, સુવર્ણ જેવી આકૃતિવાળી. (૧૩૨)

विद्युत्प्रभा विप्रमाता, गोपमाता गयेश्वरी ।
गवेश्वरी गवेशी च, गवीशी गतिवासिनी ॥ १३३ ॥

વીજળી જેવી કાંતિવાળી, વિપ્રની માતારૂપ, ગોપની માતારૂપ, ગય (દાનવ) કે ગયા (તીર્થ) ઉપર શાસન કરનારી, ગાય ઉપર શાસન કરનારી, પૃથ્વી કે વાણી ઉપર શાસન કરનારી, ગાયમાં કે પૃથ્વીમાં કે વાણીમાં રહીને શાસન કરનારી, ગતિમાં વાસ કરનારી. (૧૩૩)

गतिज्ञा गीतकुशला, दनुजेन्द्रनिवारिणी ।
निर्वाणधात्री नैर्वाणी, हेतुयुक्ता गयोत्तरा ॥ १३४ ॥

ગતિને જાણનારી, ગતિમાં કુશળ, દાનવ શ્રેષ્ઠ (અસુર)ને અટકાવનારી, મોક્ષ(આનંદ)ને ધારણ કરનારી, આનંદરૂપ, હેતુની સાથે જોડાયેલી, ગયા(તીર્થ)થીયે ઊર્ધ્વ રહેનારી. (૧૩૪)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

पर्वताधिनिवासा च, निवासकुशला तथा ।
संन्यासधर्मकुशला, संन्यासेशी शरन्मुखी ॥ १३५ ॥

પર્વત ઉપર નિવાસ કરનારી અને નિવાસમાં કુશળ તથા સંન્યાસ ધર્મમાં કુશળ અને સંન્યાસ ધર્મ ઉપર શાસન કરનારી, શરદ (ના ચંદ્ર) જેવા મુખવાળી. (૧૩૫)

शरच्चन्द्रमुखी श्याम-हारा क्षेत्रनिवासिनी ।
वसन्तरागसंरागा, वसन्तवसनाकृतिः ॥ १३६ ॥

શરદ ઋતુના ચંદ્ર જેવા મુખવાળી, શ્રીશ્યામનું હરણ કરનારી, (પોતાના) ક્ષેત્રમાં નિવાસ કરનારી, વસંત ઋતુના રાગ જેવા સારા રંગવાળી, વસંતરૂપી વસ્ત્રની આકૃતિવાળી. (૧૩૬)

चतुर्भुजा षड्भुजा च, द्विभुजा गौरविग्रहा ।
सहस्रास्या विहास्या च, मुद्रास्या मुददायिनी ॥ १३७ ॥

ચાર ભુજાઓથી યુક્ત, છ ભુજાવાળી, બે ભુજાવાળી, ગૌર શરીરવાળી, હજારો મુખવાળી, વિશેષ હાસ્યવાળી અને અમુક પ્રકારની મુદ્રાથી યુક્ત મુખ-વાળી અને આનંદ આપનારી. (૧૩૭)

प्राणप्रिया प्राणरूपा, प्राणरूपिण्यपावृता ।
कृष्णप्रीता कृष्णरता, कृष्णतोषणतत्परा ॥ १३८ ॥

(શ્રી શ્યામને) પ્રાણ જેવી પ્રિય, પ્રાણરૂપ, (શ્રીકૃષ્ણના જ) પ્રાણથી યુક્ત, (શ્રીશ્યામ સંગ) આવરણરહિત, શ્રીકૃષ્ણને પ્રસન્ન કરનારી, શ્રી કૃષ્ણમાં જ રમણ કરતી, શ્રીકૃષ્ણને સંતોષ આપવામાં તત્પર. (૧૩૮)

कृष्णप्रेमरता कृष्ण-भक्ता भुक्तफलप्रदा ।
कृष्णप्रेमा प्रेमभक्ता, हरिभक्तिप्रदायिनी ॥ १३९ ॥

શ્રીકૃષ્ણના પ્રેમમાં રમણ કરનારી, શ્રીકૃષ્ણની ભક્ત, ભક્તને ફલ આપનારી, શ્રીકૃષ્ણના પ્રેમથી યુક્ત, પ્રેમભક્તિ સ્વરૂપ, હરિની ભક્તિને (સાધક) આપનારી. (૧૩૯)

चैतन्यरूपा चैतन्य-प्रिया चैतन्यरूपिणी ।
उग्ररूपा शिवक्रोडा, कृष्णक्रोडा जलोदरी ॥ १४० ॥

ચૈતન્ય સ્વરૂપવાળી, ચૈતન્યને પ્રિય, ચૈતન્યના સ્વરૂપવાળી, ઉગ્ર સ્વરૂપવાળી, શિવના ખોળામાં વિરાજિત, શ્રીકૃષ્ણના ખોળામાં વિરાજિત, જલ જેના ઉદરમાં છે તેવી અથવા જલ જેવો પાતળો જેનો કટિપ્રદેશ છે તેવી. (૧૪૦)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

महोदरी महादुर्ग–कान्तारसुस्थवासिनी ।
चन्द्रावली चन्द्रकेशी, चन्द्रप्रेमतरङ्गिणी ॥ १४१ ॥

મહાન ઉદારવાળી, મુશ્કેલીથી જઈ શકાય તેવા મોટા જંગલમાં સ્થિર વાસ કરનારી, ચંદ્રની પંક્તિરૂપ, ચંદ્ર જેના કેશમાં શોભે છે તેવી, ચંદ્રમાં (વૃદ્ધિ પામતા) પ્રેમતરંગથી યુક્ત. (૧૪૧)

समुद्रमथनोद्भूता, समुद्रजलवासिनी ।
समुद्रामृतरूपा च, समुद्रजलवासिका ॥ १४२ ॥

સમુદ્ર મંથનમાંથી પ્રગટ થયેલી (લક્ષ્મી–સ્વરૂપ), સમુદ્રના જલમાં વાસ કરનારી, સમુદ્રમાંથી નીકળેલા અમૃતના સ્વરૂપવાળી અને સમુદ્ર–જલના નિવાસવાળી. (૧૪૨)

केशपाशरता निद्रा, क्षुधा प्रेमतरङ्गिका ।
दूर्वादलश्यामतनूर्, दूर्वादलतनुच्छविः ॥ १४३ ॥

સુંદર કેશપાશમાં આનંદ માણતી, (સર્વભૂતોમાં) નિદ્રારૂપ, ક્ષુધા (=ભૂખ)-રૂપ, પ્રેમના તરંગવાળી, દૂર્વા–(ધ્રો)ના દલ (તણખલા) જેવી શ્યામ દેહલતા-વાળી, દૂર્વા દલના જેવી શરીર–કાંતિવાળી. (૧૪૩)

नागरी नागराराग़ा, नागरानन्दकारिणी ।
नागरालिङ्गनपरा, नागराङ्गणमङ्गला ॥ १४४ ॥

નગરમાં રહેનારી, નગરજનો જેવા સંપૂર્ણ રાગવાળી, નગરજનોને આનંદ આપનારી, નગરજનને આલિંગન આપવા તત્પર, નગરજનોના આંગણમાં મંગલરૂપ. (૧૪૪)

उच्चनीचा हैमवती–प्रिया कृष्णतरङ्गदा ।
प्रेमालिङ्गनसिद्धाङ्गी सिद्धसाध्यविलासिका ॥ १४५ ॥

ઊંચે અને નીચે રહેતી, હિમાલયસુતા પાર્વતીને પ્રિય, શ્રીકૃષ્ણના પ્રેમ-તરંગને આપનારી, પ્રેમનું આલિંગન આપવામાં સિદ્ધ અંગવાળી, સિદ્ધ કરેલા સાધ્યના વિલાસવાળી. (૧૪૫)

मङ्गलामोदजननी, मेखलामोदधारिणी ।
रत्नमञ्जीरभूषाङ्गी, रत्नभूषणभूषणा ॥ १४६ ॥

મંગલના આનંદને ઉત્પન્ન કરનારી, કટિમેખલાના આનંદને ધારણ કર-નારી, રત્નના નૂપુરનાં આભૂષણથી યુક્ત અંગવાળી, રત્નનાં આભૂષણોને પણ શોભાવનાર આભૂષણરૂપ. (૧૪૬)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

जम्बालमालिका कृष्ण-प्राणा प्राणविमोचना ।
सत्यप्रदा सत्यवती, सेवकानन्ददायिका ॥ १४७ ॥

શેવાળ (જેવાં નીલરત્નો)ની માળાવાળી, શ્રી કૃષ્ણ જેના પ્રાણ છે તેવી (અથવા શ્રીકૃષ્ણના પ્રાણરૂપ), પ્રાણ (જીવ)ને (અજ્ઞાનમાંથી) છોડાવનારી, સત્યને આપનારી, પોતે સત્યથી યુક્ત, પોતાની સેવા કરતા સેવક જીવોને આનંદ આપનારી. (૧૪૭)

जगद्-योनिर्जगद्-बीजा, विचित्रमणिभूषणा ।
राधारमणकान्ता च, राध्या राधनरूपिणी ॥ १४८ ॥

જગતના કારણરૂપ, જગતના બીજરૂપ, સુંદર મણિના આભૂષણવાળી, રાધારમણ શ્રી કૃષ્ણને પ્રિય, આરાધનાથી પ્રસન્ન કરવા યોગ્ય, આરાધના એ જ રાધા—આરાધનાના સ્વરૂપવાળી. (૧૪૮)

कैलासवासिनी कृष्ण-प्राणसर्वस्वदायिनी ।
कृष्णावतारनिरता, कृष्णभक्तफलार्थिनी ॥ १४९ ॥

કૈલાસ પર્વત પર વાસ કરનારી, શ્રીકૃષ્ણને પ્રાણરૂપ સર્વસ્વને આપનારી, શ્રીકૃષ્ણનું અવતરણ (કે ભક્તના હૃદયમાં પ્રાગટ્ય) થાય તે માટે તત્પર, શ્રી કૃષ્ણના ભક્તને માટે ફલને ઇચ્છતી. (૧૪૯)

याचकायाचकानन्द-कारिणी याचकोज्ज्वला ।
हरिभूषणभूषाढ्या-नन्दयुक्तार्द्रपादगा ॥ १५० ॥

યાચના કરનાર કે યાચના ન કરનારને માટે આનંદને ઉત્પન્ન કરનારી, યાચક માટે ઉજ્જવલ (=સાવધાન), હરિરૂપી અલંકારનાં આભૂષણોથી સમૃદ્ધ, આનંદથી યુક્ત, ભીના પગે ગતિ કરનારી. (૧૫૦)

है-है-तालधरा थै-थै—शब्दशक्तिप्रकाशिनी ।
हे-हे-शब्दस्वरूपा च, ही-ही-वाक्यविशारदा ॥ १५१ ॥

હૈ-હૈ એવા, (ક્રિયા અને કાલના માપરૂપ) તાલને ધારણ કરનારી, થૈ-થૈ એવી શબ્દ-શક્તિને પ્રગટ કરનારી, હે-હે એવા શબ્દના સ્વરૂપવાળી, હી-હી એવા વાક્યને ઉચ્ચારવામાં નિપુણ. (૧૫૧)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

जगदानन्दकर्त्री च, सान्द्रानन्दविशारदा ।
पण्डिता पण्डितगुणा, पण्डितानन्दकारिणी ॥ १५२ ॥

જગતને માટે આનંદ ઉત્પન્ન કરનારી, ગાઢ આનંદ (અનુભવવામાં કે આપવા)માં કુશળ, પંડિતરૂપ, પંડિતના ગુણવાળી, પંડિતને માટે આનંદ ઉત્પન્ન કરનારી. (૧૫૨)

परिपालनकर्त्री च, तथा स्थितिविनोदिनी ।
तथा संहारशब्दाढ्या, विद्वद्-जनमनोहरा ॥ १५३ ॥

જગતનું પરિપાલન કરનારી તથા જગતને ટકાવી રાખવામાં વિનોદ કરનારી તથા જગતનો સંહાર કરવાના શબ્દથી સમૃદ્ધ, વિદ્વાન-જનના મનને હરી લેનારી. (૧૫૩)

विदुषां प्रीतिजननी, विद्वत्प्रेमविवर्धिनी ।
नादेशी नादरूपा च, नादबिन्दुविधारिणी ॥ १५४ ॥

વિદ્વાનો માટે પ્રીતિ ઉત્પન્ન કરનારી, વિદ્વાનના પ્રેમને વિશેષ રીતે વધારનારી, નાદ(બ્રહ્મ) ઉપર શાસન કરનારી, નાદ(બ્રહ્મ)સ્વરૂપ અને નાદના બિન્દુને વિશેષ રીતે ધારણ કરનારી. (૧૫૪)

शून्यस्थानस्थिता शून्य—रूपपादपवासिनी ।
कार्तिकव्रतकर्त्री च, वसनाहारिणी तथा ॥ १५५ ॥

શૂન્ય (એકાંત) સ્થાનમાં રહેનારી, શૂન્ય(એકાંત)રૂપ વૃક્ષ પર વાસ કરનારી, કાર્તિક માસના ગૌરીવ્રત કરનારી અને (વાસનારૂપી) વસ્ત્રને હરી લેનારી. (૧૫૫)

जलाशया जलतला, शिलातलनिवासिनी ।
क्षुद्रकीटाङ्गसंसर्गा, सङ्गदोषविनाशिनी ॥ १५६ ॥

જલના આશ્રયસ્થાનવાળી, જલના તલ(તળિયા)સ્વરૂપ, શિલાતલ પર નિવાસ કરનારી, હલકા કીડાના અંગ સાથે પણ સંસર્ગ રાખનારી (અને તેના જીવનને વિવિધ આનંદ આપીને ચલાવનારી), સંગના દોષનો વિનાશ કરનારી. (૧૫૬)

कोटिकन्दर्पलावण्या, कोटिकन्दर्पसुन्दरी ।
कन्दर्पकोटिजननी, कामबीजप्रदायिनी ॥ १५७ ॥

કરોડો કામદેવ જેવા સૌંદર્યવાળી, કરોડો કામદેવ જેવી સુંદરી, કરોડો કામદેવને ઉત્પન્ન કરનારી, કામના બીજને આપનારી. (૧૫૭)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

कामशास्त्रविनोदा च, कामशास्त्रप्रकाशिनी ।
कामप्रकाशिका कामि-न्यणिमाद्यष्टसिद्धिदा ॥ १५८ ॥

કામશાસ્ત્ર દ્વારા વિનોદરૂપે બનતી અને કામશાસ્ત્રને પ્રગટ કરનારી, કામને પ્રગટ કરનારી, કામથી યુક્ત, અણિમા [અણુ જેવડા બનવાની યોગશક્તિ; લઘિમાસિદ્ધિ એટલે અત્યંત હલકા બની જવાની યોગશક્તિ; મહિમાસિદ્ધિ એટલે પર્વત જેવડા મોટા બની જવાની યોગશક્તિ; પ્રાપ્તિસિદ્ધિ એટલે ચંદ્ર જેવા દૂરના પદાર્થો સમીપ પહોંચવાની યોગશક્તિ; પ્રાકામ્યસિદ્ધિ એટલે ઇચ્છાને કોઈ પણ અટકાવી ન શકે તેવી યોગશક્તિ; વશિત્વસિદ્ધિ એટલે બધાં ભૂતો કે પ્રાણીઓને વશ કરવાની શક્તિ; ઈશિતૃત્વસિદ્ધિ એટલે ભૂતોને ઉત્પન્ન, પુષ્ટ અને નષ્ટ કરવાની યોગશક્તિ; યત્રકામ-અવસ્થાયિત્વ એટલે યોગીના સંકલ્પ પ્રમાણે ભૂતોના સ્વભાવની સ્થિતિ થાય તે-(પતંજલિ યોગદર્શન ૩-૪૫,—)] વગેરે આઠ સિદ્ધિઓને આપનારી. (૧૫૮)

यामिनी यामिनीनाथ-वदना यामिनीश्वरी ।
यागयोगहरा भुक्ति-मुक्तिदात्री हिरण्यदा ॥ १५९ ॥

રાત્રિરૂપ, રાત્રિના નાથ ચંદ્ર જેવા મુખવાળી, રાત્રિ ઉપર શાસન કરનારી, યાગરૂપ યોગ દ્વારા (મનને) હરી લેનારી, ભોગ અને મુક્તિને આપનારી, સુવર્ણને આપનારી. (૧૫૯)

कपालमालिनी देवी, धामरूपिण्यपूर्वदा ।
कृपान्विता गुणागौण्या, गुणातीतफलप्रदा ॥ १६० ॥

કપાલ (ખપ્પર)ની માળાવાળી, દેવી, (શ્રીકૃષ્ણના) ધામના સ્વરૂપવાળી, અપૂર્વ પદાર્થને આપનારી, કૃપાથી યુક્ત, ગુણસ્વરૂપ, ગૌણ નહીં તેવી (અર્થાત્ મુખ્ય); ત્રણેય ગુણોથી પેલી પારના ફલને આપનારી. (૧૬૦)

कूष्माण्डभूतवेताल-नाशिनी शारदान्विता ।
शीतला शबला हेला लीला लावण्यमङ्गला ॥ १६१ ॥

કૂષ્માંડ (એક પિશાચતત્ત્વ), ભૂત અને વેતાલનો નાશ કરનારી, શરદઋતુ-(ના નવરાત્ર) સાથે જોડાયેલી, શીતલા-સ્વરૂપ, રંગબેરંગી, (જેના ફેરફાર અત્યંત સ્પષ્ટ જોઈ શકાય તેવા ભાવ=) હેલારૂપ, લીલારૂપ, સૌન્દર્યરૂપ, મંગલરૂપ. (૧૬૧)

विद्यार्थिनी विद्यमाना, विद्या विद्यास्वरूपिणी ।
आन्वीक्षिकीशास्त्ररूपा शास्त्रसिद्धान्तकारिणी ॥ १६२ ॥

વિદ્યાની ઇચ્છાવાળી, સતરૂપે સદા વિદ્યમાન, વિદ્યારૂપ, વિદ્યાના સ્વરૂપવાળી, ન્યાયશાસ્ત્રરૂપ, શાસ્ત્રના સિદ્ધાંતોને ઘડનારી. (૧૬૨)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitization by eGangotri

नागेन्द्रा नागमाता च, क्रीडाकौतुकरूपिणी ।
हरिभावनशीला च, हरितोषणतत्परा ॥ १६३ ॥

નાગમાં (કે હાથીઓમાં) શ્રેષ્ઠ, નાગમાતા, ક્રીડા અને જિજ્ઞાસા સ્વરૂપ અથવા ક્રીડામાં રસસ્વરૂપ, હરિમાં ભાવનાશીલ અને હરિને સંતોષવામાં તત્પર. (૧૬૩)

हरिप्राणा हरप्राणा, शिवप्राणा शिवान्विता ।
नरकार्णवसंहर्त्री, नरकार्णवनाशिनी ॥ १६४ ॥

હરિના પ્રાણરૂપ, હરના પ્રાણરૂપ, શિવના પ્રાણરૂપ, શિવ સાથે યુક્ત, નરકના સાગરને હરી લેનારી, નરકના સાગરનો નાશ કરનારી. (૧૬૪)

नरेश्वरी नरातीता, नरसेव्या नराङ्गना ।
यशोदानन्दनप्राण-वल्लभा हरिवल्लभा ॥ १६५ ॥

નર ઉપર શાસન કરનારી, મનુષ્ય(ની બુદ્ધિ)થી પર, નર દ્વારા સેવવા યોગ્ય, નરની અંગના નારી સ્વરૂપ, યશોદાના પુત્ર શ્રીકૃષ્ણને પ્રાણ જેવી વહાલી, હરિને વહાલી. (૧૬૫)

यशोदानन्दनारम्या, यशोदानन्दनेश्वरी ।
यशोदानन्दनाक्रीडा, यशोदाक्रोडवासिनी ॥ १६६ ॥

યશોદાનંદન શ્રીકૃષ્ણની સાથે સંપૂર્ણ રીતે રમણ કરવા યોગ્ય, યશોદાનંદન શ્રીકૃષ્ણ ઉપર શાસન કરનારી, યશોદાનંદન શ્રીકૃષ્ણને માટે પૂર્ણ ક્રીડારૂપ, યશોદાના ખોળામાં વાસ કરનારી. (૧૬૬)

यशोदानन्दनप्राणा, यशोदानन्दनार्थदा ।
वत्सला कोशला काला, करुणार्णवरूपिणी ॥ १६७ ॥

યશોદાનંદન શ્રીકૃષ્ણના પ્રાણસ્વરૂપ, યશોદાનંદન શ્રીકૃષ્ણના પ્રયોજનને (સાધી) આપનારી, વત્સલ (પ્રેમાળ), કોશલ (અયોધ્યાપ્રદેશરૂપ—સીતા)રૂપ, કાલ-સ્વરૂપ, કરુણાના સાગરસ્વરૂપ. (૧૬૭)

स्वर्गलक्ष्मीर्भूमिलक्ष्मीर्, द्रौपदी पाण्डवप्रिया ।
तथार्जुनसखी भौमी, भैमी भीमकुलोद्भवा ॥ १६८ ॥

સ્વર્ગની લક્ષ્મીરૂપ, ભૂમિની લક્ષ્મીરૂપ, દ્રૌપદીસ્વરૂપ, પાંડવને પ્રિય તથા અર્જુનની સખી, ભૂમિમાંથી નીકળતી શક્તિ (સીતા)રૂપ, ભીમ—એકાદશીરૂપ, ભીમ(=એક રુદ્ર)ના કુલમાં જન્મેલી. (૧૬૮)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

भुवनामोहना क्षीणा, पानासक्ततरा तथा ।
पानार्थिनी पानपात्रा, पानपानन्ददायिनी ॥ १६९ ॥

ભુવનને સંપૂર્ણતઃ મોહ પમાડનારી, કૃશ દેહવાળી, મધુર પાનમાં ખૂબ આસક્ત, તથા મધુર પાનને ઇચ્છતી, મધુર પાનના પાત્રરૂપ, મધુરરસનું પાન કરનારને આનંદ આપનારી. (૧૬૯)

दुग्धमन्थनकर्माढ्या, दधिमन्थनतत्परा ।
दधिभाण्डार्थिनी कृष्ण-क्रोधिनी नन्दनाङ्गना ॥ १७० ॥

દૂધ (દહીં)નું મંથન કરવાના કામમાં વ્યાપ્ત, દધિમંથન માટે તત્પર, દહીંના પાત્રને ઇચ્છતી, શ્રીકૃષ્ણને (ગમ્મતમાં) કુપિત કરનારી, નંદન શ્રીકૃષ્ણની અંગના (સ્ત્રી). (૧૭૦)

घृतलिप्ता तक्रयुक्ता, यमुनापारकौतुका ।
विचित्रकथका कृष्ण-हास्यभाषणतत्परा ॥ १७१ ॥

ઘીથી લિંપાયેલી, છાશથી યુક્ત, યમુનાને પેલે પાર જવા ઉત્સુક, વિચિત્ર (સુંદર) વાતો કહેનારી, શ્રીકૃષ્ણની સાથે હસવામાં અને બોલવામાં તત્પર. (૧૭૧)

गोपाङ्गनावेष्टिता च, कृष्णसङ्गार्थिनी तथा ।
रासरक्ता रासरति-रासवासक्तवासना ॥ १७२ ॥

ગોપ-સ્ત્રીઓથી વીંટળાયેલી અને શ્રીકૃષ્ણના સંગને ઇચ્છતી, તથા રાસમાં રાગવાળી, રાસનાં પ્રેમવાળી, આસવ(=મધુરરસ)માં આસક્ત ઇચ્છાવાળી. (૧૭૨)

हरिद्रा हारिता हारि-ण्यानन्दार्पितचेतना ।
निश्चैतन्या च निश्चेता, तथा दारुहरिद्रिका ॥ १७३ ॥

હળદર (નાવર્ણ) રૂપ, (શ્રીકૃષ્ણ દ્વારા) હરણ કરાયેલી અથવા નીલવસ્ત્રા, (ભક્તના મનને) હરી લેનારી, આનંદમાં જ અર્પિત ચેતનાવાળી, (શ્રીકૃષ્ણપ્રેમમાં તન્મયતાને કારણે) ચૈતન્ય વગરની, સંજ્ઞા વગરની, લાકડાની સુચ્ (હોમવાના સાધન) રૂપ ! (૧૭૩)

सुबलस्य स्वसा कृष्ण-भार्या भाषातिवेगिनी ।
श्रीदामस्य सखी दाम-दामिनी दामधारिणी ॥ १७४ ॥

સુબલની બેન, શ્રીકૃષ્ણનાં પત્ની, ભાષામાં અતિ વેગવાળી, શ્રીદામની સખી, દામથી ઉદરે બંધાયેલા શ્રીકૃષ્ણની પ્રિયા, દામ(દોરડા)ને ધારણ કરનારી. (૧૭૪)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitization by eGangotri

कैलासिनी केशिनी च, हरिदम्बरधारिणी ।
हरिसांनिध्यदात्री च, हरिकौतुकमङ्गला ॥ १७५ ॥

કૈલાસ પર્વતથી યુક્ત, સુંદર કેશવાળી, લીલાં કે શ્યામ વસ્ત્રો પહેરનારી, હરિનું સાન્નિધ્ય આપનારી, અને હરિની જિજ્ઞાસામાં મંગલરૂપ. (૧૭૫)

हरिप्रदा हरिद्वारा, यमुनाजलवासिनी ।
जैत्रप्रदा जितार्थी च, चतुरा चातुरी तमी ॥ १७६ ॥

હરિને આપનારી, હરિ પાસે પહોંચવા માટે દ્વારરૂપ, યમુનાના જલમાં વાસ કરનારી, વિજય જ પામે તેવા પદાર્થોને આપનારી, વિજયની ઇચ્છાવાળી, ચતુર, ચાતુરીરૂપ અને શ્યામા. (૧૭૬)

तमिस्रातपरूपा च, रौद्ररूपा यशोऽर्थिनी ।
कृष्णार्थिनी कृष्णकला, कृष्णानन्दविधायिनी ॥ १७७ ॥

અંધકાર (અજ્ઞાન)રૂપ અને પ્રકાશ(જ્ઞાન)રૂપ, જ્ઞાન આપે તેવા રૌદ્ર સ્વરૂપ-વાળી, યશને ઇચ્છતા, શ્રીકૃષ્ણને ઇચ્છતી, શ્રીકૃષ્ણની કલારૂપ, શ્રીકૃષ્ણને માટે આનંદ ઉત્પન્ન કરનારી. (૧૭૭)

कृष्णार्थवासना कृष्ण-रागिणी भवभाविनी ।
कृष्णार्थरहिता भक्ता भक्तभक्तिशुभप्रदा ॥ १७८ ॥

શ્રીકૃષ્ણ માટેની વાસના-સ્વરૂપ, શ્રીકૃષ્ણમાં રાગવાળી, સંસારનું નિર્માણ કરનારી, શ્રીકૃષ્ણ પ્રત્યે સ્વાર્થ વગરની, ભક્તરૂપ, ભક્તની ભક્તિના શુભ ફલને આપનારી. (૧૭૮)

श्रीकृष्णरहिता दीना, तथा विरहिणी हरेः ।
मथुरा मथुराराज-गेहभावनभावना ॥ १७९ ॥

શ્રીકૃષ્ણના વિરહવાળી, તેથી દીન (નિસ્તેજ), તેમ જ શ્રીહરિના વિરહથી યુક્ત, મથુરાસ્વરૂપ, મથુરાના રાજા શ્રીકૃષ્ણની ગૃહિણી(=ગૃહ) થવાની ભાવનારૂપ. (૧૭૯)

श्रीकृष्णभावनामोदा, तथोन्मादविधायिनी ।
श्रीकृष्णार्थव्याकुला कृष्णसारचर्मधरा शुभा ॥ १८० ॥

શ્રીકૃષ્ણની ભાવનાના આનંદવાળી, તેમ જ (શ્રીકૃષ્ણની ભાવનાના) ઉન્માદને સર્જનારી, શ્રીકૃષ્ણ માટે વ્યાકુલ, કાળિયાર મૃગના ચર્મને ધારણ કરનારી, શુભ-સ્વરૂપ. (૧૮૦)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

अलकेश्वरपूज्या च, कुबेरेश्वरवल्लभा ।
धनधान्यविधात्री च, जाया काया हया हयी ॥ १८१ ॥

અલકાનગરીના રાજા કુબેરથી પૂજવા યોગ્ય, અને કુબેરના ઈશ્વર શિવને વહાલી, ધન અને ધાન્યનું નિર્માણ કરનારી, (શ્રીકૃષ્ણની) પત્નીરૂપ, શરીરરૂપ, (વેદના ઉદ્ધાર માટે લીધેલા હયગ્રીવ વિષ્ણુની પ્રિયા) અશ્વારૂપ અને હયગ્રીવ વિષ્ણુથી યુક્ત. (૧૮૧)

प्रणवा प्रणवेशी च, प्रणवार्थस्वरूपिणी ।
ब्रह्मविष्णुशिवार्धांग-हारिणी शैवशिंशपा ॥ १८२ ॥

ૐકારરૂપ, પ્રણવ પર શાસન કરનારી અને પ્રણવના અર્થના સ્વરૂપવાળી, બ્રહ્મા, વિષ્ણુ અને શિવના અર્ધા અંગને હરી લેનારી, શૈવવૃક્ષ શિંશપાસ્વરૂપ. (૧૮૨)

राक्षसीनाशिनी भूत-प्रेतप्राणविनाशिनी ।
सकलेप्सितदात्री च, शची साध्वी अरुन्धती ॥ १८३ ॥

રાક્ષસીનો નાશ કરનારી, ભૂત-પ્રેતના પ્રાણનો વિનાશ કરનારી, બધી ઇચ્છિત વસ્તુઓ આપનારી અને શક્તિપૂર્ણ ઇન્દ્રાણીરૂપ, સતી અરુંધતીસ્વરૂપ. (૧૮૩)

पतिव्रता पतिप्राणा, पतिवाक्यविनोदिनी ।
अशेषासाधिनी कल्प-वासिनी कल्परूपिणी ॥ १८४ ॥

પતિવ્રતા, પતિના પ્રાણરૂપ, પતિના વાક્યમાં વિનોદ કરનારી, સર્વ પદાર્થોને સંપૂર્ણ રીતે સાધી આપનારી, અનંત કાલ(=કલ્પકાલ)પર્યંત વાસ કરનારી, અને શ્રીરાધાજી કલ્પકાલ (અનંતકાલ) સ્વરૂપ છે. (૧૮૪)

अथ फलश्रुति :—

इत्येतत् कथितं देवि, राधानामसहस्रकम् ।
यः पठेत् पाठयेद् वापि, तस्य तुष्यति माधवः ॥ १८५ ॥

હે દેવી પાર્વતી, આ પ્રમાણે આ, રાધાસહસ્રનામ મેં કહ્યાં;. જે આને વાંચે અથવા વંચાવે, તેના ઉપર માધવ તુષ્ટ થાય છે. (૧૮૫)

किं तस्य यमुनाभिर्वा, नदीभिः सर्वतः प्रिये ।
कुरुक्षेत्रादितीर्थैश्च, यस्य तुष्टो जनार्दनः ॥ १८६ ॥

હે સર્વ રીતે પ્રિય ઉમા, જેના પર (જનને પ્રેરનાર) જનાર્દન વિષ્ણુ તુષ્ટ હોય તેને યમુના વગેરે નદીઓથી કે કુરુક્ષેત્ર વગેરે તીર્થોથી શું પ્રયોજન છે? (૧૮૬)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitization by eGangotri

स्तोत्रास्य प्रसादेन, किं न सिध्यति भूतले ।
ब्राह्मणो ब्रह्मवर्चाः स्यात्, क्षत्रियो जगतीपतिः ॥ १८७ ॥

આ રાધાસહસ્રનામ સ્તોત્રની કૃપાથી, ભૂતલ ઉપર શું સિદ્ધ થતું નથી? બ્રાહ્મણ બ્રહ્મતેજવાળો બને, ક્ષત્રિય, જગતનો રાજા બને. (૧૮૭)

वैश्यो निधिपतिर्भूयात्, शूद्रो मुच्येत जन्मतः ।
ब्रह्महत्यासुरापान-स्तेयादेरतिपातकात् ॥ १८८ ॥

વૈશ્ય ધનભંડારનો સ્વામી બને, શૂદ્ર જન્મથી મુક્ત થાય; બ્રહ્મહત્યા, સુરાપાન, ચોરી વગેરે અતિપાતકમાંથી મનુષ્ય મુક્ત થાય. (૧૮૮)

सद्यो मुच्येत देवेशि, सत्यं सत्यं न संशयः ।
राधानामसहस्रस्य, समानं नास्ति भूतले ॥ १८९ ॥

હે દેવો પર શાસન કરનારી પાર્વતી, મનુષ્ય (ઉપર કહેલાં) પાપોમાંથી તરત મુક્ત થાય; તે સત્ય છે; તેમાં સંશય નથી. ભૂતલ ઉપર રાધાનામ–સહસ્ર જેવું બીજું કાંઈ નથી. (૧૮૯)

स्वर्गे वाप्यथ पाताले, गिरौ वा जलतोऽपि वा ।
नातः परं शुभं स्तोत्रं, तीर्थं नातः परं परम् ॥ १९० ॥

સ્વર્ગમાં કે પાતાલમાં, પર્વત પર કે જલમાં; આ સ્તોત્રથી શ્રેષ્ઠ અને શુભ સ્તોત્ર બીજું નથી. આનાથી ઉત્તમ બીજું કોઈ તીર્થ નથી. (૧૯૦)

एकादश्यां शुचिर्भूत्वा, यः पठेत् सुसमाहितः ।
तस्य सर्वार्थसिद्धिः स्यात्, शृणुयाद् वा शुशोभने ॥ १९१ ॥

એકાદશીને દિવસે પવિત્ર બનીને, જે સારી રીતે એકાગ્ર કરેલા ચિત્તથી વાંચે કે સાંભળે, તેનાં બધાં પ્રયોજન, હે સુંદરી, સિદ્ધ થાય છે. (૧૯૧)

द्वादश्यां पौर्णमास्यां वा, तुलसीसंनिधौ शिवे ।
यः पठेत् शृणुयाद् वापि, तस्य तत् तत् फलं श्रृणु ॥ १९२ ॥

બારસ કે પૂનમને દિવસે, હે પાર્વતી, તુલસીની પાસે, જે મનુષ્ય શ્રીરાધા-સહસ્રનામ વાંચે અથવા સાંભળે તેને જે જે ફલ પ્રાપ્ત થાય તે તું સાંભળ. (૧૯૨)

अश्वमेधं राजसूयं, बार्हस्पत्यं तथात्रिकम् ।
अतिरात्रं वाजपेयम्, अग्निष्टोमं तथा शुभम् ॥ १९३ ॥

અશ્વમેધ, રાજસૂય, બાર્હસ્પત્ય, આત્ર નામના સામમંત્રવાળો યજ્ઞ, અતિરાત્ર, વાજપેય તથા શુભ અગ્નિષ્ટોમ (યજ્ઞનું તેને પુણ્ય મળે). (૧૯૩)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

कृत्वा यत् फलमाप्नोति, श्रुत्वा तत्फलमाप्नुयात् ।
कार्तिके चाष्टमीं प्राप्य, पठेद् वा श्रुणुयादपि ॥ १९४ ॥

(ઉપર દર્શાવેલા) અશ્વમેધાદિ યજ્ઞો કરીને મનુષ્ય જે ફલ મેળવે છે તે ફલ શ્રીરાધાસહસ્રનામ સાંભળીને મેળવે. હવે, કાર્તિક માસમાં આઠમનો દિવસ મેળવીને, જે મનુષ્ય, શ્રીરાધાસહસ્રનામ વાંચે કે સાંભળે—(૧૯૪)

सहस्रयुगकल्पान्तं, वैकुण्ठवसतिं लभेत् ।
ततश्च ब्रह्मभवने, शिवस्य भवने पुनः ॥ १९५ ॥

તે મનુષ્ય હજારો યુગવાળા કલ્પના અંત સુધી, વૈકુણ્ઠના વાસને મેળવે. પછી બ્રહ્માના ભવનમાં નિવાસ કરે; અને પછી શિવભવનમાં વાસ કરે. (૧૯૫)

सुराधिनाथभवने, पुनर्याति सलोकताम् ।
गङ्गातीरं समासाद्य, यः पठेत् श्रुणुयादपि ॥ १९६ ॥

પછી તે સુરોના અધિપતિ ઇન્દ્રના ભવનમાં તે લોકના સ્વરૂપને પામે છે. હવે, જે મનુષ્ય, ગંગાના તીરને પ્રાપ્ત કરીને. શ્રીરાધાસહસ્રનામ વાંચે કે સાંભળે— (૧૯૬)

विष्णोः स्वरूपमायाति, सत्यं सत्यं सुरेश्वरि ।
मम वक्त्रगिरेर्जाता, पार्वतीवदनाश्रिता ॥ १९७ ॥

—તે મનુષ્ય, હે સુરો ઉપર શાસન કરનારી ઉમા, વિષ્ણુ સ્વરૂપને પામે છે. વળી, મારા મુખરૂપી પર્વતમાંથી જન્મેલી; અને પાર્વતીના વદનના આશ્રયવાળી (નદી)—(૧૯૭)

राधानामसहस्राख्या, नदी त्रैलोक्यपावनी ।
पठयते हि मया नित्यं, भक्त्या शक्त्या यथोचितम् ॥ १९८ ॥

'શ્રીરાધાનામસહસ્ર' એ નામવાળી નદી ત્રણેય લોકને પાવન કરનારી છે. ખરેખર મારા દ્વારા પણ, ભક્તિથી, શક્તિથી, જે રીતે ઉચિત હોય તેમ, એ નામ વાંચવામાં આવે છે. (૧૯૮)

मम प्राणसमं ह्यन्यत् तव प्रीत्या प्रकाशितम् ।
नाभक्ताय प्रदातव्यं, पाखण्डाय कदाचन ॥ १९९ ॥

હે પાર્વતી, આ રાધાસહસ્રનામ મારા બીજા પ્રાણ જેવું છે. તારા પર પ્રીતિ હોવાથી મેં પ્રગટ કરેલ છે. ભક્ત ન હોય તેવા પાખંડીને આ શ્રીરાધાસહસ્રનામ કદી કહેવાં નહીં—આપવાં નહીં. (૧૯૯)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

नास्तिकाय विरागाय, रागयुक्ताय सुन्दरि ।
तथा देयं महास्तोत्रं, हरिभक्ताय शङ्करि ।
वैष्णवेषु यथाशक्ति, दात्रे पुण्यार्थशालिने ॥ २०० ॥

જે નાસ્તિક હોય, શ્રીકૃષ્ણભક્તિમાં રાગ ન હોય અને જેને સંસારમાં રાગ હોય તેવા મનુષ્યને હે સુંદરી, આ સ્તોત્ર આપવું નહીં. હે શંકરી, આ મહાસ્તોત્ર હરિના ભક્તને તેમ જ, વૈષ્ણવોમાં યથાશક્તિ દાન આપનારને અને પુણ્ય-અર્થથી શોભતા મનુષ્યને આ સ્તોત્ર કહેવું—આપવું. (૨૦૦)

राधानामसुधावारि, मम वक्त्रसुधाम्बुधेः ।
उद्धृतासौ त्वया यत्नाद्, यतस्त्वं वैष्णवाग्रणी ॥ २०१ ॥

રાધાનામરૂપી તે અમૃત-જલનો તેં (ઉમાએ) પ્રયત્નપૂર્વક ઉદ્ધાર કર્યો છે, જેથી તું વૈષ્ણવોમાં અગ્રણી બનીશ. (૨૦૧)

विशुद्धसत्त्वाय यथार्थवादिने
द्विजस्य सेवानिरताय मन्त्रिणे ।
दात्रे यथाशक्ति सुभक्तिमानसे
राधापदध्यानपराय शोभने ॥ २०२ ॥

હે સુંદરી ઉમા, વિશુદ્ધ મનવાળાને, જેમ હોય તેમ પદાર્થ વિષે સત્ય બોલનારને, બ્રાહ્મણની સેવામાં રત રહેનારને, મંત્રણા કરનારને, યથાશક્તિ દાન આપનારને; સારી ભક્તિથી યુક્ત મનવાળી હે ઉમા, રાધા પદના ધ્યાનમાં તત્પર એવા મનુષ્યને (આ સ્તોત્ર કહેવું.) (૨૦૨)

हरिपादाङ्कमधुप-मनोभूताय मानसे ।
राधापदसुधास्वाद-शालिने वैष्णवाय च ॥ २०३ ॥

હરિચરણના ચિહ્નમાં ભ્રમર બની ગયેલા મનવાળા મનુષ્યને, હે સુંદર મનવાળી ઉમા, 'રાધા' એ પદરૂપી અમૃતના સ્વાદવાળા વૈષ્ણવને આ સ્તોત્ર કહેવું. (૨૦૩)

दद्यात् स्तोत्रं महापुण्यं, हरिभक्तिप्रसाधनम् ।
जन्मान्तरं न पश्यन्ति, राधाकृष्णपदार्थिनः ॥ २०४ ॥

—તેવા મનુષ્યને, હરિની ભક્તિ સાધી આપનારું આ મહાપવિત્ર સ્તોત્ર આપવું. શ્રીરાધાકૃષ્ણના પદાર્થને પામી ચૂકેલાઓને જન્માન્તર જોવો પડતો નથી. (૨૦૪)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

मम प्राणा वैष्णवा हि, तेषां रक्षार्थमेव हि ।
शूलं मया धार्यते हि, नान्यथा मेऽत्र कारणम् ॥ २०५ ॥

વૈષ્ણવો મારા પ્રાણ છે. તેમની રક્ષા માટે, મેં ખરેખર ત્રિશૂલ ધારણ કરેલ છે. એ બાબતમાં બીજું કોઈ કારણ નથી. (૨૦૫)

हरिभक्तिद्विषामर्थे, शूलं संधार्यते मया ।
शृणु देवि यथार्थं मे, गदितं मयि सुव्रते ॥ २०६ ॥

હરિની ભક્તિનો દ્વેષ કરનારાઓ માટે હું ત્રિશૂલ ધારણ કરું છું. મારા વિષે, સારાં વ્રતો ધારણ કરનારી હે પાર્વતી, મેં યથાર્થ કહ્યું. હે દેવી, તું સાંભળ— (૨૦૬)

भक्तासि मे प्रियासि त्वम् अतः स्नेहात् प्रकाशितम् ।
कदापि नोच्यते देवि, मया नामसहस्रकम् ॥ २०७ ॥

હે દેવી ઉમા, તું ભક્ત છે, મને તું પ્રિય છે. તેથી સ્નેહને કારણે મેં આ સ્તોત્ર પ્રગટ કર્યું. (અન્યથા) હું શ્રીરાધાનામસહસ્ર કદી કોઈને કહેતો નથી. (૨૦૭)

॥ इति नारदपञ्चरात्रे ज्ञानामृतसारे श्रीश्रीराधिकासहस्र-
नामस्तोत्रं समाप्तम् ॥

—આ પ્રમાણે "નારદ પંચરાત્ર" નામના ગ્રંથમાં—જે ગ્રંથ જ્ઞાનામૃતનો સાર છે તેમાં—શ્રીશ્રીરાધિકાસહસ્ર નામનું સ્તોત્ર સમાપ્ત થયું. હરિઃ ૐ તત્સત્.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

॥ શ્રી: ॥

શ્રી રાધા ચાલીસા

શ્રીરાધે વૃષભાનુજા, ભક્તકી પ્રાણાધાર ।
વૃન્દાવિપિન-વિહારિણી, પ્રણવી વારંવાર ॥
જૈસો તૈસો રાવરો, કૃષ્ણ-પ્રિયા સુખ ધામ ।
ચરણ-શરણ નિજુ દીજિયે, સુન્દર સુખદ લલામ ॥

જય વૃષભાનુ કુંવરી શ્રી શ્યામા ।
કીરતિ નન્દિની શોભા ધામા ॥ ૧ ॥
નિત્ય વિહારિની શ્યામ અધારા ।
અમિત મોદ મંગલ દાતારા ॥ ૨ ॥
રાસ વિલાસિની રસ વિસ્તારિની ।
સહચરી સુભગ યૂથ મન ભાવનિ ॥ ૩ ॥
નિત્ય કિશોરી, રાધા ગૌરી ।
શ્યામ પ્રાણ ધન અતિ જિય ભોરી ॥ ૪ ॥
કરુણા-સાગર, હિય-ઉમંગિની ।
લલિતાદિક સખિગન કી સંગિની ॥ ૫ ॥
દિનકર કન્યા કૂલ વિહારિનિ ।
કૃષ્ણ-પ્રાણ પ્રિય-હિય હુલસાવનિ ॥ ૬ ॥
નિત્ય શ્યામ તુમ્હરૌ ગુણ ગાવેં ।
રાધા રાધા કહિ હરષાવેં ॥ ૭ ॥
મુરલી મેં નિત નામ ઉચારેં ।
તુવ કારણ લીલા-વપુ ધારેં ॥ ૮ ॥
પ્રેમ સ્વરૂપિણી અતિ સુકુમારી ।
શ્યામ પ્રિયા વૃષભાનુ દુલારી ॥ ૯ ॥
નવલ કિશોરી અતિ છવિ ધામા ।
દ્યુતિ લઘુ લગૈ કોટિ રતિ કામા ॥ ૧૦ ॥
ગૌરાંગી, શશિ-નિંદક-બદના ।
સુભગ ચપલ અનિયારે નયના ॥ ૧૧ ॥

Dr. Urmila Sharma Collection, Varanasi

 CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જાવક યુત યુગ પંકજ ચરના ।
નૂપુર ધ્વનિ પ્રીતમ મન હરના ॥ ૧૨ ॥
સંતત સહચરિ સેવા કરહીં ।
મહા મોદ મંગલ મન ભરહીં ॥ ૧૩ ॥
રસિકન જીવન પ્રાણ અધારા ।
રાધા નામ સકલ સુખ સારા ॥ ૧૪ ॥
અગમ અગોચર નિત્ય સ્વરૂપા ।
ધ્યાન ધરત નિશિદિન બ્રજભૂપા ॥ ૧૫ ॥
ઉપજેઉ જાસુ અંશ ગુણ ખાની ।
કોટિન ઉમા રમા બ્રહ્માની ॥ ૧૬ ॥
નિત્ય ધામ ગૌલોક બિહારિની ।
જન રક્ષક દુઃખ દોષ નસાવનિ ॥ ૧૭ ॥
શિવ અજ મુનિ સનકાદિક નારદ ।
પાર ન પાઁઈ શેષ અરુ સારદ ॥ ૧૮ ॥
રાધા શુભ ગુણ રૂપ ઉજારી ।
નિરખિ પ્રસન્ન હોત બનવારી ॥ ૧૯ ॥
વ્રજ જીવન ધન રાધારાની ।
મહિમા અમિત ન જાય બખાની ॥ ૨૦ ॥
પ્રીતમ સંગ દેઈ ગલબાંહી ।
બિહરત નિત વૃન્દાવન માંહી ॥ ૨૧ ॥
રાધા કૃષ્ણ, કૃષ્ણ હૈ રાધા ।
એક રૂપ દોઉ પ્રીતિ અગાધા ॥ ૨૨ ॥
શ્રી રાધા, મોહન-મન-હરની ।
જન સુખદાયક પ્રફુલિત બદની ॥ ૨૩ ॥
કોટિક રૂપ ધરેં નંદ નન્દા ।
દર્શ કરન હિત ગોકુલ ચન્દા ॥ ૨૪ ॥
રાસ કેલિ કરિ તુમ્હેં રિઝાવેં ।
માન કરૌ જબ, અતિ દુઃખ પાવૈં ॥ ૨૫ ॥
પ્રફુલિત હોત દર્શ જબ પાવૈં ।
વિવિધ ભાઁતિ નિત વિનય સુનાવૈં ॥ ૨૬ ॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વૃન્દારણ્ય બિહારિની શ્યામા ।
નામ લેત પૂરન સબ કામા ।। ૨૭ ।।

કોટિન યજ્ઞ તપસ્યા કરહૂ ।
વિવિધ નેમ બ્રત હિય મેં ધરહૂ ।। ૨૮ ।।

તઊ ન શ્યામ ભક્તહિં અપનાવૈં ।
જબ લગિ રાધા નામ ન ગાવૈં ।। ૨૯ ।।

વૃન્દાવિપિન સ્વામિની રાધા ।
લીલા વપુ તબ અમિત અગાધા ।। ૩૦ ।।

સ્વયં કૃષ્ણ પાવૈં નહિં પારા ।
ઔર તુમ્હેં કો જાનન હારા ।। ૩૧ ।।

શ્રી રાધા રસ પ્રીતિ અભેદા ।
સાદર ગાન કરત નિત વેદા ।। ૩૨ ।।

રાધા ત્યાગિ, કૃષ્ણ કો ભજિ હૈં ।
તે સપનેહુ જગ જલધિ ન તરિ હૈં ।। ૩૩ ।।

કીરતિ કુંવરિ લાડિલી રાધા ।
સુમિરત સકલ મિટહિં ભવ-બાધા ।। ૩૪ ।।

નામ, અમંગલ-મૂલ નસાવન ।
ત્રિવિધિ તાપ હર હરિ-મન-ભાવન ।। ૩૫ ।।

રાધા નામ લેઈ જો કોઈ ।
સહજહિં દામોદર બસ હોઈ ।। ૩૬ ।।

રાધા નામ પરમ સુખદાઈ ।
ભજતહિં કૃપા કરહિં યદુરાઈ ।। ૩૭ ।।

યશુમતિ નન્દન પીછે ફિરિ હૈં ।
જો કોઉ રાધા નામ સુમિરિ હૈ ।। ૩૮ ।।

રાસ બિહારિની શ્યામા પ્યારી ।
કરહુ કૃપા બરસાને વારી ।। ૩૯ ।।

વૃન્દાવન હૈ શરણ તુમ્હારી ।
જય જય જય વૃષભાનુ દુલારી ।। ૪૦ ।।

શ્રી રાધા રાસેશ્વરી, રસિકેશ્વર ઘનશ્યામ ।
કરહું નિરન્તર વાસ મૈં, શ્રી વૃન્દાવન ધામ ।।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આદિત્યં પ્રથમં નામ
દ્વિતીયમ તુ દિવાકર
તૃતીયમ ભાસ્કર પ્રોક્તમ્
ચતુર્થં તુ પ્રભાકર
પંચમંમ્ તુ સહસ્ત્રાંસુ
ષષ્ઠમ્ ચૈવ ત્રિલોચન
સપ્તમ્ હરિદશ્વશ્ચ
અષ્ઠમમ્ ચ વિભાવસુ
નવમ્ દિનકૃત પ્રોક્તમ
દશમમ્ દ્વાદશાત્મકમ
એકાદશં ત્રયીમૂર્તિ
દ્વાદશં સૂર્ય એવચ
દ્વાદશા દિત્ય નામાનિ
પ્રાતઃકાલે પઠૈન્નર
દુઃખ સ્વપ્ન નાશનંમ્ ચૈવ
સર્વ દુઃખ પ્રણશ્યતિ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi